

SWARGA ROHAN
DIST. ... (GUJ.)
PH. (02...) ...

# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૬ જુન-૧૯૮૦


એક સુંદર ઈમારત ઊભી કરવાનું કાર્ય જેમ વિચારપૂર્વકનું આયોજન માંગી લે છે, તેમ મનુષ્યજીવનનું ઘડતર ને ચણતર કરવાનું કામ વધુ કાળજી ને વિચાર માંગી લે એ દેખીતું છે. પરંતુ આજે લાખો લોકો જીવન વિષેના કોઈ સ્પષ્ટ ખ્યાલ કે આયોજન વગર જ જીવતા દેખાય છે, એ આપણા મનુષ્યજીવનની કેવી કરુણતા છે.

— શ્રી યોગેશ્વરજી


**M/s. Jayesh Construction**

**Engineers & Contractors**

Near Giriraj Theatre
Navsari
( Dist. : Valsad )

શ્રી યોગેશ્વરજી

## પ્રેમનગરના વાસી

પ્રેમનગરના વાસી, અમે તો
પ્રેમનગરના વાસી.

પ્રેમ અમારે મન મથુરાજી રામેશ્વર ને કાશી,
તીરથ સકળ મળ્યાં છે એમાં, અખંડ સુખના રાશિ.
—પ્રેમનગરના.

પ્રેમ અમારે ગંગાજમના અમૃત ને અવિનાશી,
સેવન કરતાં ભ્રમ ભાગે ને સિદ્ધિ બનતી દાસી.
—પ્રેમનગરના.

પ્રવાસ કરતો ફરે જીવ આ યોનિ લક્ષ ચોરાશી,
પ્રેમ પરમ પુણ્યે પામી લે બનતા સહજ ઉદાસી.
—પ્રેમનગરના.

પાગલ પ્રભુ પાછળ બનિયા તે રહ્યા સદાયે હાંસી,
શાશ્વત સુખની છોળો ઊડે, અવિદ્યા ગઈ નાસી.
—પ્રેમનગરના.

શ્રી યોગેશ્વરજી


# HARJIT ENGINEERS

*Specialist in :*

**All kinds of pipe Febrication Welding works and Central Plant Air Conditioning Installation, etc.**

7, Vithlesh Apartment, Navapura, BARODA-390 001
Phone : 52567

સારાં વસ્ત્રો માણસના બાહ્ય દેખાવને જરૂર ઉઠાવ આપે છે, પરન્તુ માણસની સાચી શોભા તો એમાં સદ્‌ગુણોના વિકાસમાં રહેલી છે.

શ્રી યોગેશ્વરજી


## The New Vinod Silk Mills Private Ltd.

Kasturchand Mills Estate, Dadar, Bombay

*Most trusted name for processing of polyester, Acrylie Polyester / Viscose Suitings & Shirtings & Top Dyed Suitings & all Varieties of Synthetic Fabrics*


પંપવડે જેમ કૂવાના તળિયાનું પાણી ઉપર ખેંચી સીંચાઈ કરવામાં આવે છે. તેમ ધ્યાન વડે કુંડલીની શક્તિનું ઉર્ધ્વીકરણ સાધી, પરમશક્તિની અનુભૂતિ મેળવી શકાય છે.

–શ્રી યોગેશ્વરજી


## કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઈલ એન્જીનના ઉત્પાદકો

ટેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭


# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૧, અંક : ૮, છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૨–૦૦, વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**
પ. પૂ. યોગેશ્વરજી
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ બ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી :
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર–૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| શાંતિનું રહસ્ય | ૫ | શ્રી યોગેશ્વરજી |
| શાક્તદર્શન | ૭ | પ્રા. જનાર્દન જ. દવે |
| યોગીરાજ શ્રી ગજાનનબાબા– અન્ન પરબ્રહ્મ છે | ૧૧ | દાસગણુ |
| પૂ. શ્રી યોગેશ્વરજી – મારી દૃષ્ટિએ | ૧૩ | શ્રી હરિભાઈ મોજાણી |
| શ્રેયપથનો પથિક | ૧૮ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| જલબિન્દુ | ૨૩ | પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ |
| દ્વારકાધીશની કૃપા | ૨૪ | શ્રી નારાયણ હ. જાની |
| –તો ય ઘણું | ૩૧ | શ્રી યશસ્વીભાઈ ય. મહેતા |
| પ્રભુજીના પંથે | ૩૨ | શ્રી સર્વેશ્વરી |
| રાધા–બલિહારી | ૩૩ | શ્રી રણજિત પટેલ |
| વક્રાસન | ૩૪ | શ્રી મણિભાઈ ચ. શાહ |
| પ્રકાશના પંથે | ૩૬ | શ્રી યોગેશ્વરજી |
| અમૃતબિંદુ ઉપનિષદ | ૪૧ | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| પ્રશ્નોત્તરી | ૪૬ | શ્રી યોગેશ્વરજી |
| "રામકથાનું આધ્યાત્મિક રહસ્ય" | ૫૦ | શ્રી યોગેશ્વરજી |
| હિંદુધર્મમાં લગ્નભાવના | ૫૫ | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ |
| ચિત્તવૃત્તિનો નિરોધ – એટલે યોગ | ૫૯ | શ્રી યોગેશ્વરજી |
| સિદ્ધિઓ | ૬૨ | શ્રી યોગેશ્વરજી |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ | જુન–૧૯૮૦ | અંક : ૯


## શાંતિનું રહસ્ય

શ્રી યોગેશ્વરજી

એક સાચી બનેલી પ્રાચીન કથા છે. ગામની એક સન્નારી ખૂબ જ ચિંતાતુર બનીને આજુબાજુ સર્વત્ર શોધ કરી રહેલી. એના ઘરને બંધ કરીને કલાકો પહેલાં એ બહારગામ ગયેલી. ઘરની કૂંચી ક્યાં મૂકવામાં આવી છે તેની માહિતી ના મળવાથી એ અસ્વસ્થ થઈને સઘળે શોધખોળ કરવા માંડી પરંતુ કૂંચીનો પત્તો ના લાગ્યો. ત્યારે નિરાશ બની. એ જ વખતે કોઈએ એને જણાવ્યું કે તારા ગળામાં શું લટકે છે? એણે જોયું તો એ કૂંચી જ હતી. એના આશ્ચર્ય અને આનંદનો અંત ના રહ્યો. એના ઘરને ઉઘાડીને એણે એમાં પ્રવેશ કર્યો.

માનવ પણ આજે શાંતિની શોધમાં છે. શાંતિની પ્રાપ્તિ માટે એ ચારે તરફ પુરુષાર્થ કરે છે. તોપણ એને સંપૂર્ણ સનાતન શાંતિ નથી સાંપડતી. અનેક પ્રકારના પ્રયત્નો પછી એને સમજાય છે અથવા કોઈક સ્વાનુભવસંપન્ન સત્પુરુષ દ્વારા સમજાવવામાં આવે છે કે જે શાંતિને પોતે શોધે છે અથવા ઝંખે છે એ તો એની અંદર જ છે. એની કૂંચી એની પાસે જ છે. પોતાના દિલમાં ડોકિયું કરવાથી અને આત્માની સાથે અનુસંધાન સાધવાથી એ શાંતિની સંપ્રાપ્તિ સહેલાઈથી, સંપૂર્ણપણે થઈ શકે તેમ છે. ઉપનિષદ કહે છે :

**एको वशी सर्वभूतान्तरात्मा, एकं रूपं बहुधा यः करोति।**
**तमात्मस्थं येऽनुपश्यंति धीरायतेषां शांतिःशाश्वती नेतरेषाम्॥**

અર્થાત્, જે એક છે. સૌના શાસક છે, ભૂતોના અંતરાત્મા છે, એક હોવા છતાં અનેક રૂપોને ધારે છે, એમને અંતરાત્મામાં અવલોકે છે તેમને શાશ્વતી શાંતિ સાંપડે છે. બીજાને નથી સાંપડતી.

**नित्योऽनित्यानां चेतनश्चेतनानां, एको बहूनां यो विदधाति कामान्।**
**तमात्मस्थं येऽनुपश्यंति धीरायतेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥**

એટલે કે અનિત્ય પદાર્થોમાં નિત્ય, અચેતનમાં ચેતન, એક હોવા છતાં અનેકની આકાંક્ષાઓની પૂર્તિ કરનારા પરમાત્માને જે બુદ્ધિમાન પુરુષો પોતાની અંદર પેખે છે તેમને જ સનાતન સુખ સાંપડી શકે છે, બીજાને નથી સાંપડી શકતું.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના અઢારમા અધ્યાયના ઉપસંહાર વખતે કહેવામાં આવ્યું છે કે ઈશ્વર સર્વભૂતોના હૃદયપ્રદેશમાં વિરાજે છે. એ પોતાની માયાથી જીવોને યંત્ર પર આરૂઢ હોય તેમ ફેરવે છે. એ ઈશ્વરનું સર્વભાવે શરણુ લો, એમના અસાધારણ અલૌકિક અનુગ્રહથી સર્વોત્તમ સનાતન શાંતિની તથા અવિચલ પરમપદની પ્રાપ્તિ થશે.

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति,**
**भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया.**
**तमेव शरणं गच्छ सर्वभावेन भारत,**
**तत्प्रसादात्परांशांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम्.**

એ શ્લોકોનો સૂચિતાર્થ સ્પષ્ટ છે. પરમાત્મા પરમ શાંતિસ્વરૂપ હોવાથી, એમના પ્રત્યે અભિમુખ બનવામાં ના આવે, એમની સાથે સંબંધ સાધવામાં અને એમને ઓળખવામાં ના આવે, ત્યાં સુધી સંપૂર્ણ, સનાતન શાંતિ સાંપડી શકે નહિ. શાંતિના મંગલ મંદિરને ખોલવાની કૂંચી માનવની પોતાની પાસે છે. એની અંદરનો આત્મા શાંતિસ્વરૂપ છે. એની પાસે જેટલા પ્રમાણમાં પહોંચવામાં આવે એટલા પ્રમાણમાં શાંતિથી સંપન્ન બની શકાય, શાંતિનું સાચું રહસ્ય એ જ છે.



# શાક્તદર્શન

પ્રા. : જનાર્દન જ. દવે

તંત્રસાહિત્ય ઘણું વિશાળ છે. તેમાં તત્ત્વનો જેવો એક વિભાગ છે, તેવો સાધનાનો પણ એક વિભાગ છે. સાધનાઓ પણ બે પ્રકારની છે–બહિરંગ સાધના અને અંતરંગ સાધના. શાક્તતંત્રોનું તત્ત્વજ્ઞાન ઘણું જ ગંભીર અને વિશિષ્ટ છે.

તાંત્રિક સાહિત્યમાં જે શક્તિ છે તે ચૈતન્યરૂપા છે. દેવી ભાગવત કહે છે :

**सर्वचैतन्यमयीं तामाद्यां विद्यां च धीमहि** — અમે તે આદિ વિદ્યાનું ધ્યાન કરીએ છીએ જે સર્વચેતનામયી છે. લલિતાસહસ્રનામમાં ભગવતીનું એક નામ છે **प्रज्ञानघनरूपिणी** તે "પ્રજ્ઞાનઘનસ્વરૂપ છે". ભંડાસુરનો વધ કરવા પ્રગટ થયેલાં લલિતા **चिदग्निकुण्डसंभूता** ચૈતન્યાગ્નિના કુંડમાંથી પ્રગટ થયાં છે. કાશ્મીરનું પ્રત્યભિજ્ઞાહૃદય કહે છે **चितिः स्वतन्त्रा विश्वसिद्धिहेतुः** સૃષ્ટિના સર્જન પાલન સંહારમાં ચિતિશક્તિ સ્વતંત્રપણે કારણ છે. શ્રી શંકરાચાર્ય પ્રપંચસારના નવમા પટલના બીજા શ્લોકમાં કહે છે, " આ ત્રિપુરા બ્રહ્મા, વિષ્ણુ અને શિવની પૂર્વે હતાં." ત્રણ વેદો તો તેનો શ્રીવિગ્રહ છે. ત્રણે લોકના લય પછી પણ તે ચૈતન્યરૂપે રહેનાર છે. પરમ શિવ અને પરમ શિવા બન્ને અભિન્ન છે. શિવ શક્તિના સામરસ્ય વિષે સૌંદર્યલહરીમાં ભગવાન શંકરચાર્ય કહે છે :

**शरीरं त्वं शम्भोः शशीमिहिरवक्षोरुहयुगं**
**तवात्मानं मन्ये भगवति नवात्मानमनघम् ।**
**अतः शेषः शेषीत्ययमुभयसाधारणतया**
**स्थितः सम्बन्धो वां समरसपरानन्दपरयोः ॥**

હે મા! તમે શિવનાં શરીરરૂપ છો, શિવ આપના શરીરરૂપ છે. તમારો આત્મા નવ વ્યૂહાત્મક છે, અને તે પાપરહિત છે. તમારા બન્ને વચ્ચે ગૌણપ્રધાન ભાવ પરસ્પર છે. પરાનંદ શિવ અને પરાશક્તિ વચ્ચે સામરસ્યપણું છે. આપ જ સાક્ષાત્ જગતપ્રપંચસ્વરૂપ હોવાથી સૂર્યચંદ્ર આપનાં વક્ષસ્થલ છે.

વિશ્વપ્રપંચ માયિક નથી, પણ ભગવતી પોતે જ વિશ્વરૂપે પરિણમે છે એટલે શાક્તો અધ્યાસમાં, વિવર્તવાદમાં માનતા નથી પણ પરિણામવાદમાં માને છે. આખું વિશ્વ જ ભગવતી પોતે છે. પાતાલ તેમનાં શ્રીચરણો છે, પૃથ્વી જઘન છે, સૂર્ય ચંદ્ર વક્ષસ્થલ છે, દિશાઓ મુખ છે, આકાશ કેશકલાપ છે.

આ શક્તિથી યુક્ત બનેલા શિવ જ સૃષ્ટિ સંહારાદિ કરી શકે છે. આ શક્તિ દેશ અને કાળથી પર છે. તેનું કોઈ નિર્વચન શક્ય નથી, તેનું કોઈ એક જ એવું નામ નથી જેનાથી તેને ઓળખાવી શકાય. તે માત્ર અનુભવનો જ વિષય છે. વહ્નિ અને તેની દાહક શક્તિ ભિન્ન નથી તેવી જ રીતે પરમ શિવની તે પરમાશક્તિ તેનાથી અભિન્ન છે.

યોગિની તંત્રમાં લખ્યું છે કે કારણાવસ્થામાં તે બ્રહ્મરૂપ છે અને કાર્યાવસ્થામાં તે પરમશક્તિ જ પ્રકૃતિરૂપિણી છે. તંત્રોમાં સૃષ્ટિકાળમાં શક્તિનાં છ સ્વરૂપો દર્શાવ્યાં છે: પરાશક્તિ, જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ, કુંડલિની અને માતૃકા. અર્વાચીન વિજ્ઞાનમાં તપ, તડ્તિ,ચુંબક, મધ્યાકર્ષણ, પ્રકાશ અને રાસાયણિક એમ ૬ શક્તિઓ છે.

શક્તિ ઉપાસકોનાં બે આરાધ્યા શક્તિકુલો રહ્યાં છે. કાલીકુલ અને શ્રીકુલ. ભગવતી કાલીનાં પણ મહાકાલી, તારાકાલી, ભદ્રકાલી, ઉગ્રકાલી વગેરે ઉપાસ્ય સ્વરૂપો છે. કાલીકુલમાં કાલી, તારા, બગલા, છિન્નમસ્તા, ધૂમાવતી વગેરે છે. જ્યારે શ્રીકુલમાં બાલાત્રિપુરા ષોડષી, માતંગી વગેરે સ્વરૂપો



આરાધ્ય છે. શક્તિ દર્શન પણ અદ્વૈત દર્શન જ છે. નવરત્નેશ્વરમાં લખ્યું છે કે "દેવીની સ્ત્રી, પુરુષ, પ્રાણીઓ, પદાર્થોમાં બ્રહ્મરૂપે ભાવના કરવી જોઈએ." ભગવતી પોતે જ કહે છે अहमेवासपूर्वं तु नान्यत्किंचिन्नगाधिप "હે પર્વતરાજ ! પૂર્વે હું એકલી જ હતી."

દુર્ગાસપ્તશતીમાં ભગવતી શુંભાસુરને કહેવડાવે છે:

यो मां जयति संग्रामे यो मे दर्पं व्यपोहति ।
यो मे प्रतिबलो लोके स मे भर्ता भविष्यति ॥

"જે કોઈ મને યુદ્ધભૂમિમાં જીતશે અને મારો દર્પ ઉતારશે, અને મારો યોગ્ય પ્રતિસ્પર્ધી હશે તે મારો સ્વામી બનશે."

આ ઉદ્‌ગારો દ્વારા ભગવતી શુંભ નિશુંભને સમજાવી રહ્યાં છે કે પોતે કોઈ સામાન્ય સ્ત્રી નથી, પણ एकम् एव अद्वितीयं ब्रह्म છે. બ્રહ્મતત્ત્વની સમાન કે તથી વિશેષ કોઈ હોઈ શકે નહિ.

દુર્ગાચરિત્રમાં આગળ જતાં નિશુંભનો વધ થયા પછી શુંભ કહે છે: "તમે ઘણી બધી શક્તિઓના આશ્રયથી લડો છો." ત્યારે ભગવતી તુરત જ કહે છે:

एकैवाहं जगत्यत्र द्वितीया का ममापरा ।

જગતમાં એક માત્ર હું જ છું. મારાથી વિલક્ષણ બીજી કઈ સત્તા છે?"

આમ પરમસત્તા અખંડ, એકરસ છે, અને તે પરમા ચિતિ છે એવું શાક્ત તંત્રોનું દર્શન છે. શિવ અને શક્તિને તંત્રો અને કાશ્મીરી શૈવદર્શન પ્રકાશ અને વિમર્શના નામે ઓળખે છે. "હું ઇચ્છું છું", "હું જાણું છું" એમાં

પહેલો પુરુષ એક વચનમાં 'હું' માં ભાસતું જ્ઞાન, સ્ફૂરતા એ જ 'પ્રકાશ' પરમશિવ છે. અને તેનો આનંદાશ જ વિમર્શ, લલિતા, પરાહંતા વગેરે નામથી ઓળખાય છે. શૈવો અને શાક્તો છત્રીસ તત્ત્વોમાં માને છે: ૧. પરમશિવ ૨. શિવ-શક્તિ અર્થાત્ પ્રકાશ અને વિમર્શ, ૩. સદાશિવ પૂર્ણાહતા. ૪. ઈશ્વર ૫. વિદ્યા ૬. માયા ૭. અવિદ્યા ૮. કલા ૯. રાગ ૧૦. કાળ ૧૧. નિર્યાત ૧૨. જીવ ૧૩. પ્રકૃતિ ૧૪. મન ૧૫. બુદ્ધિ ૧૬. અહંકાર ૧૭ થી ૨૧ પાંચ જ્ઞાનેંદ્રિયો ૨૨ થી ૨૬ પાંચ કર્મેંદ્રિયો ૨૭ થી ૩૧ પાંચ તન્માત્રાઓ અને ૩૨ થી ૩૬ પંચમહાભૂતો આમાં આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વ આ ત્રણમાં બધું સમાવેશ પામે છે. ૧૩ થી ૩૬ પ્રકૃતિથી પૃથ્વી સુધીનું આત્મતત્ત્વ છે. ૧૨ થી ૬ જીવ-થી માયા સુધીના વિદ્યાતત્ત્વ કહેવાય છે. ૫ થી ૨ વિદ્યાથી શિવશક્તિ સુધીનું શિવતત્ત્વ કહેવાય છે. પરમશિવ અને પરમ-શિવા આ ત્રણે તત્ત્વોથી પર છે – વિલક્ષણ છે.

---


આધાર સામગ્રી : ૧. કલ્યાણ–શક્તિઅંક

૨. શાક્ત સંપ્રદાય : દી. બ. નર્મદાશંકર મહેતા

૩. તંત્ર મહાસાધના : ડો. ચમનલાલ ગૌતમ

૪. વરિવસ્યા રહસ્ય : પં. ભાસ્કરરાય


*



# યોગીરાજ શ્રી ગજાનનબાબા – અન્ન પરબ્રહ્મ છે

દાસગણૂ

ભારત સંતો, સાધુઓ ને યોગીરાજોનો દેશ. ઇતિહાસનો કોઈ પણ કાળ લો. તેમાં આવા પુરુષોનો આત્યન્તિક અભાવ કદીકાળ જણાશે નહિ. દેશના કોઈ ને કોઈ ખૂણે નામી-અનામી સંત મહાત્મા કે યોગી જરૂર વિરાજતા હશે.

આજથી બરાબર સો વર્ષ પહેલાં એટલે સને ૧૮૭૮માં યોગીરાજ શ્રી ગજાનનબાબા, વિદર્ભના બુલઢાણા જિલ્લાના શેગાઁવમાં પહેલવહેલા દેખાયા.

કેટલાક લોકોનું કહેવું છે કે તેઓશ્રી સમર્થ સ્વામી રામદાસના મૂળ નિવાસસ્થાન સજ્જનગઢથી આવેલા. પરંતુ તેનો કોઈ આધાર મળતો નથી. આજે વિદર્ભ અને મહા-રાષ્ટ્રમાં હજારો લોકો એમને ભગવાનતુલ્ય માની તેમના સમાધિમંદિરની યાત્રાએ આવે છે. શેગાઁવમાં એમનું ભવ્ય સમાધિમંદિર છે.

મરાઠી ભાષામાં શ્રી દાસગણૂ નામે મહા-સંત કવિ થયા. તેમણે યોગીરાજ શ્રી ગજાનનબાબાના જીવન ઉપર એક કાવ્ય-ગ્રંથ લખ્યો છે. 'ગજાનન વિજય' એનું નામ.

શેગાઁવમાં જ્યારે તે પહેલવહેલા દેખાયા, ત્યારે તેમની વય યુવાન હતી. ગામમાં ભોજન–સમારંભ ચાલી રહ્યો હતો. ગામના બે સુખી ધાર્મિક માણસો શ્રી બંકટલાલ આગરવાલા અને દેવીદાસ તરફથી આ સમારંભ યોજાયો હતો. હજારો ભિખારી અને ગામના અન્ય લોકો જમવા ઊમટ્યા હતા.

ભોજનની સાથે સાથે લોકો જમતાં અન્નનો બગાડ પણ એટલો બધો કરતા કે ન પૂછો વાત. ! 'અન્ન એ પરબ્રહ્મ' છે

એનો ઉપદેશ કરવા જ જાણે આ મહાપુરુષ ત્યારે ત્યાં પધાર્યા ન હોય! – એવું થયું.

એક બાજુ પર ફેંકેલી એંઠી પતરાળીઓમાંથી દાણા વીણી વીણી – આંખમાં આંસુ સાથે તે મોમાં મૂકતા. જાણે કહેતા હતા — શરીરનું ધારણ જેના વિના અશક્ય છે એવા આ પરબ્રહ્મ સમા અન્નનો આવો બગાડ ન હોય! પ્રભુ! તું આવો બગાડ કરનારાઓને માફ કરજે!

એમને આમ ખાતા જોઈ, બંટકલાલ ને દામોદર કુલકર્ણી નામના બે શખ્સો આભા બની જોઈ રહ્યા! યુવકના મુખ પરનું તેજ અજબ હતું! એમને લાગ્યું, આ કોઈ સામાન્ય યુવક નથી. કોઈ યોગી લાગે છે! તેઓ દોડ્યા ને પકવાનની થાળી ભરી લઈ આવ્યા. થાળી યુવકની સામે મૂકી. યુવકે નિર્મમભાવે થાળીમાંની બધી ચીજો ભેગી કરી આરોગવા માંડી. હવે બંકટલાલ તથા દામોદરને પાકી ખાતરી થઈ કે આ કોઈ સામાન્ય માણસ નથી. મહાયોગી જેવી એની આદત છે.

ભોજન પૂરું થતાં યોગીરાજ માટે પાણી લેવા બંકટ ને દામોદર દોડ્યા. પરંતુ પાછા આવી જુએ છે તો યોગીરાજ જાનવરો માટે રાખેલ પાણીના પાત્રમાંથી પાણી પી રહ્યા છે! તેઓએ કહ્યું, "મહારાજ, આ પાણી પીવા જેવું નથી." યોગીરાજ સહેજ હસીને બોલ્યા, "સચરાચર વિશ્વમાં એક પ્રભુ જ વસેલો છે. ત્યાં શુદ્ધ-અશુદ્ધના કોઈ ભેદ નથી, વળી પાણી ઈશ્વર છે અને પીવાવાળો પણ ઈશ્વર જ છે!"

યોગીરાજ યુવકની આ વિદેહી વૃત્તિ જોઈ બન્નેને ભારે આશ્ચર્ય થયું. પરંતુ તેઓ 'એમને' પ્રણામ કરવા જાય તે પહેલાં તો યુવક ઝડપથી ભાગી છૂટ્યો. તપાસ કરવા છતાં ક્યાંય દેખાયો નહિ.

('ગજાનન વિજય'ના આધારે)



# પૂ. શ્રી યોગેશ્વરજી – મારી દૃષ્ટિએ

શ્રી હરિભાઈ ભોજાણી – મોરબી

સાધના કાળના સ્વાનુભવોની તટસ્થ રીતે રજૂઆત કરતું પુસ્તક "શ્રેય અને સાધના" વાંચ્યા બાદ મને તેના લેખક શ્રી યોગેશ્વરજીનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા જાગી. અંતે એ ધન્ય ઘડી આવી પહોંચી અને હું પૂ. શ્રી યોગેશ્વરજીનાં દર્શન મોરબીમાં જ કરી શક્યો. પ્રથમ દર્શનથી જ મને શાંતિની સમ્પ્રાપ્તિ થઈ. મારી ઘણા સમયની મહેચ્છા આ રીતે પૂર્ણ થઈ.

પૂ. શ્રી યોગેશ્વરજીને જોતાં પ્રથમ દૃષ્ટિએ ભાગ્યે જ કોઈને ખ્યાલ આવી શકે તેમ છે કે આ તદ્દન સરળ અને નિખાલસ દેખાતા સંતપુરુષમાં કેટલા બધા ઉદાત્ત ગુણો, શક્તિઓ તેમ જ સિદ્ધિઓ સમાવિષ્ટ છે. પૂર્વના પુણ્યોદયના પરિપાકરૂપે મને તેઓશ્રીના નિકટથી–અતિ નિકટથી–પરિચયમાં આવવાનું સદ્દભાગ્ય સાંપડેલું છે જેના ફલસ્વરૂપ તેમનામાં રહેલા અમુક જ ગુણોની અત્રે ચર્ચા કરવા માગું છું. આ રીતે તેમનું આલેખન કરવાનું કાર્ય મારી શક્તિ બહારનું છે અને મારી કલમ કે મારા વિચારો તે રજૂ કરી શકે તેમ નથી તે હું સારી રીતે સમજું છું, છતાં પ્રભુની ઇચ્છાથી આ નમ્ર પ્રયાસ કરી રહેલ છું.

વર્ષોની અતિશય કઠિન સાધનાબાદ પૂ. શ્રી યોગેશ્વરજીમાં અનેક સદ્દગુણોનો વિકાસ થયેલ છે જેમાં તેઓશ્રીની ગુણગ્રાહી વૃત્તિ, સ્વચ્છતા, શિસ્ત, સમયપાલન, માતૃભક્તિ, દેશાભિમાન, વિનોદી વૃત્તિ, ઈશ્વરી શક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા વિગેરેનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

સૌ પ્રથમ તેમનામાં રહેલી ગુણગ્રાહી વૃત્તિની ચર્ચા કરતાં તેને લગતો એક નાનો પ્રસંગ આલેખું છું: પૂ. શ્રી યોગેશ્વરજીને તા. ૯-૧૧-૭૯ અને તા. ૧૫-૧૧-૭૯ એમ બે વખત હાર્ટ એટેક આવેલ જેથી તેઓશ્રી અમદાવાદની વિવેકાનંદ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ત્યારબાદ તા. ૧૩-૩-૮૦ સુધી તેઓશ્રી અમદાવાદમાં જ આંબાવાડીમાં ( ચારૂલ ફ્લેટ ડી. ૧ ) રોકાયેલ અને આરામ લીધેલ. આ સમય દરમિયાન દર રવિવારે હું મોરબીથી અમદાવાદ પૂ.શ્રીની તબિયત જોવા માટે જતો હતો.

એ દરમિયાન તા. ૨-૩-૮૦ ને રવિવારે હું પૂ.શ્રીના રૂમમાં બેઠેલ હતો. ભાવનગરથી ખાસ પૂ.શ્રીની તબિયત જોવા આવેલ પૂ.શ્રીના જૂના અને અનન્ય ભક્ત શ્રી ભાઈલાલભાઈ પણ બેઠા હતા. બાજુમાં અમદાવાદ કેન્દ્રના સંનિષ્ઠ સંચાલક શ્રી બાબુભાઈ વોરા બેઠેલા હતા. અને મારી પાસે જ અમદાવાદના ચશ્માના અગ્રણી વેપારી શ્રી રમણીકભાઈ શાહ બેઠેલા હતા.

આ તકે પૂ. શ્રી યોગેશ્વરજી શ્રી ભાઈલાલભાઈને રમણીકભાઈનો પરિચય આપતાં કહે છે કે: "આ રમણીકભાઈ મુંબઈના આપણા ભક્ત શ્રી જે. વી. શાહના બનેવી છે. દરરોજ નિયમિત રીતે અહીં સત્સંગમાં આવે છે. તેમનામાં તમારા જેવો જ એક સદ્‌ગુણ છે. તેમને જે કાંઈ કામ સોંપેલું હોય તે કામ તેઓ તરત જ પૂરું કરીને તે જ દિવસે રાત્રિ સુધીમાં આપી જાય છે. અહીં સત્સંગમાંથી પાંચ વાગે કામ લઈને જાય, દુકાને આંટો મારીને બજારમાં જઈને કામ ગમે તે રીતે પૂર્ણ કરીને રાત્રિ સુધીમાં પાછું સુપ્રત કરી જાય. કોઈ પણ જાતનો અહમ્ નહિ કે આડંબર નહિ." વળી શ્રી રમણીકભાઈને સંબોધીને પૂ.શ્રી કહે છે કે, 'આ ભાઈલાલભાઈમાં પણ તમારા જેવો જ સદ્‌ગુણ છે. તમારા



જેવી જ ચીવટથી તેઓ કામ કરી નાખે છે. આ તકે શ્રી બાબુભાઈ વોરાના સદ્‌ગુણની ચર્ચા કરતાં પૂ.શ્રી કહે છે કે "તેઓમાં એવો એક ગુણ છે કે કોઈનું પણ ભલું થતું હોય તો તે કાર્ય કરવા માટે તેઓ ગમે તેને કહેતાં અચકાય નહિ. તેઓ એમ પણ ન જુએ કે આને કહી શકાય કે ન કહી શકાય.

આમ પૂ.શ્રીના દિવ્ય સાંનિધ્યમાં આવવાનું જ્યારે જ્યારે સદ્‌ભાગ્ય સાંપડતું ત્યારે ત્યારે તેઓના શ્રીમુખેથી ભક્તોના નાના નાના સદ્‌ગુણોની ચર્ચા સાંભળવાનું મળતું. તેઓશ્રી ખૂબ જ ઝીણવટભરી દૃષ્ટિથી ભક્તોના એક એક સદ્‌ગુણને નિરખે છે, તેની નોંધ લે છે અને તક મળ્યે તેની ચર્ચા કરીને ભક્તને પ્રેરણા અને પ્રોત્સાહન પ્રદાન કરે છે. આમ પ્રત્યેકમાં પ્રચ્છન્ન રીતે રહેલ સદ્‌ગુણને પિછાણીને તેની યોગ્ય રીતે કદર કરે છે. પૂ.શ્રીની આવી ગુણગ્રાહી વૃત્તિ મને બહુ જ આકર્ષી ગયેલ છે.

પૂ.શ્રીમાં રહેલો સ્વચ્છતા અને સ્વાવલંબનનો સદ્‌ગુણ મને ખાસ આકર્ષી ગયેલ છે. પૂ.શ્રી સ્વચ્છતાના ચુસ્ત આગ્રહી છે. તેમની વસ્તુઓ, વસ્ત્રો, નિવાસ ઇત્યાદિ તદ્દન સ્વચ્છ હોય છે. આ ગુણ નાનપણથી જ તેમનામાં વિકસેલો છે. તેમનાં બધાં જ વસ્ત્રો શુદ્ધ ખાદીનાં, સ્વચ્છ અને સફેદ હોય છે. આમ તેઓશ્રી સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી છે. દરરોજ સવારે પોતાનાં વસ્ત્રો જાતે જ ધોઈ નાખે છે. આ બાબતમાં તેઓ તદ્દન સ્વાવલંબી છે. તેઓશ્રી વસ્ત્રો ખૂબ જ સ્વચ્છ રાખે છે. ખૂબ જ કાળજીપૂર્વક ધોયેલાં વસ્ત્રોને ગડી વાળીને મૂકી દે છે અને તે વસ્ત્રો ધોબીના ધોયેલાં અને ઇસ્ત્રી કરેલ હોય તેવાં જ દૃષ્ટિગોચર થાય છે. આમ પ્રત્યેક કાર્યમાં તેમની ચીવટ બેનમૂન છે.

શિસ્ત અને સમયપાલનના પણ તેઓશ્રી ચુસ્ત આગ્રહી છે. જો તેમણે આપણને સાંજે ચાર વાગે મળવાનો સમય આપેલ હોય તો ચારમાં પાંચ મિનિટે કોઈ પણ સંજોગોમાં ન જઈ શકાય, બરાબર ચાર વાગ્યે જ જવાય. આ તકે પૂ.શ્રીના મસૂરી (હિમાલય) નિવાસ દરમિયાનનો એક પ્રસંગ યાદ આવે છે. ટીહરી (ગઢવાલ)ના મહારાજાનો નોકર પૂ.શ્રી પાસે આવીને મહારાજા સાહેબનો મુલાકાતનો સમય માગી ગયેલ. બરાબર ચાર વાગ્યાનો સમય નક્કી કરેલ. ટીહરીનરેશ ચાર પહેલાં આવી ગયેલ પણ પૂ.શ્રીએ ચાર વાગે જ બારણું ખોલેલ. આમ શિસ્ત અને સમયપાલનના તેઓ કડક આગ્રહી છે. ગમે તેવા ચમરબંધીને પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે. કદી પણ કોઈની શેહમાં ક્યારેય ખેંચાય જ નહિ.

પૂ.શ્રી મહાન માતૃભક્ત છે. છેલ્લાં ૩૦ વરસથી તેઓશ્રી પોતાની વૃદ્ધ માતાની અવિરતપણે સેવા કરી રહેલ છે. હિમાલયમાં પણ પોતાના માતાજીને સાથે જ રાખેલ અને દેશપરદેશના બધા જ પ્રવાસોમાં પણ તેમને સાથે જ લઈ ગયેલ હતા. આ રીતે માતાને સાથે રાખીને પરદેશમાં વિચરનારા સંત વિષે મેં ક્યાંય વાંચેલ કે સાભળેલ નથી. પોતાની માતાની પેરેલીસીઝની બિમારી દરમિયાન પૂ.શ્રીએ તેમની જે અદ્ભુત સેવા કરેલ છે તે ત્યાગી તો શું પણ સંસારી પણ ભાગ્યે જ કરી શકે. પૂ.શ્રીની માતૃભક્તિ વિષે આ લેખ તો શું પણ આખો અંકપણ ટૂંકો પડે તેટલા દૃષ્ટાંતો મારી નજર સમક્ષ તરવરે છે. પોતે સંપૂર્ણ ત્યાગી જીવન જીવતા હોવા છતાં પણ લોકાચારથી સંપૂર્ણપણે વાકેફ રહે છે અને કુટુંબ પ્રત્યે ઋણ અદા કરવામાં સંસારીને પણ આશ્ચર્ય પમાડે તેટલું બધું કાર્ય તેઓ કરે છે.

પરદેશમાં જઈને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરે છે. પ્રતિવર્ષ ત્રણચાર માસ સુધી પરદેશમાં ફરીને ત્યાંના



લોકોમાં ભારતીય સંસ્કૃતિ વિષેની ખરી અને અસલ છાપ ઉપસ્થિત કરવામાં યત્કિંચિત્ ફાળો આપે છે. તેઓ સંપૂર્ણપણે દેશભક્ત છે અને સ્વદેશીના ચુસ્ત આગ્રહી છે.

પૂ. શ્રી યોગેશ્વરજી મા જગદંબાના અનન્ય ભક્ત છે. તેમના જ શબ્દોમાં કહીએ તો "મારું સમગ્ર જીવન મા જગદંબાની ઈચ્છા મુજબ જ આકાર લે છે. તે જે કાંઈ કરે છે તે મારા મંગલ માટે જ કરે છે." પૂ. શ્રી ૧૯૬૦થી મા જગદંબાનું સતત ચોવીસેય કલાક જાગૃત અવસ્થામાં સાંનિધ્ય સેવી રહેલ છે. મા જગદંબાનું અખંડ અનુસંધાન પ્રાપ્ત કરીને જીવનની પ્રત્યેક પળે, હરતાંફરતાં, સર્વત્ર, તે પરમ ચેતનાની સાથે જ સતત સંપર્કમાં રહે છે જે મેં સેંકડો વખત નજરે જોયેલ છે, અનુભવેલ છે, માણેલ છે. અદ્ભુત અદ્ભુત, દિવ્યાતિદિવ્ય !

આટલી બધી ઉચ્ચ અવસ્થા ધરાવતા હોવા છતાં પણ આ મહાન સંત દેખાવે તદ્દન સરળ, નિસ્પૃહી, આડંબર રહિત અને પ્રથમ પરિચયે તદ્દન સામાન્ય દૃષ્ટિગોચર થાય છે પણ જેમ મરજીવાને મોતીની પ્રાપ્તિ થાય છે તેમ ઊંડા ઊતરવાથી તેમના જીવનનો ખરો તાગ મળે છે. પોતે ખૂબ જ ઉદાર, રહેણીકરણી ખૂબ જ વ્યવસ્થિત, આહાર તદ્દન સૂક્ષ્મ, સ્વર અતિ નમ્ર, કાયા નાની સુડોળ છતાં નક્કર, બાંધો મજબૂત, ભાષા તદ્દન શુદ્ધ અને ઉચ્ચારણો અતિ સ્પષ્ટ, વક્તા તરીકે એક જ આસને આપણને ક્યાંય સુધી જકડી રાખનાર બહુ વિરલ સંતો જોવામાં આવે છે.

# શ્રેયપથનો પથિક

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

**ધ્યેય સ્પષ્ટતા :**

શ્રેયપથનો પથિક લોકપ્રશંસા, લોકનિંદા કે લોકાચારના બંધનોથી પર હોય છે. તે શારીરિક વ્યાધિ, વેદના કે લાભ–હાનિના ખ્યાલોથી મુક્ત હોય છે તેમજ આકસ્મિક ઘટનાઓ કે દુર્ભાગ્યનાં ઘેરાતાં વાદળોથી ભય પામતો નથી. શૂન્યમાંથી વિના કારણ ભયસૃષ્ટિનું સર્જન કરતાં–મન સર્જિત ચિત્રો તરફ તે ઉપેક્ષાભાવ સેવે છે. શ્રેયાર્થી આત્મ–અનુકંપાનો અંચળો ઓઢી તેમાં વિષાદનો વૈભવ નહિ માણતાં, આ બધાં ચિત્રોને મનના પડદા ઉપરથી હટાવી દે છે. ભય એ નિમ્ન પ્રકારના આવેગો અને આવેશોનું પરિણામ છે; અને આવેશો તેમ જ ઉત્તેજનાઓ એ કાચા વિકાસનો નિર્દેશ કરે છે. તે બધાંથી પર જઈ શ્રેયાર્થીએ પોતાની વ્યક્તિત્વ–પ્રતિભા, અ-વિનાશીતા અને આત્મિક શ્રેષ્ઠતા પર જ મનને કેન્દ્રિત કરવાનું છે. ધ્યેયનો સ્પષ્ટ ખ્યાલ, ધ્યેય માટે પુરુષાર્થ કરતા મનની સ્થિતપ્રજ્ઞ સ્થિતિ અને શક્તિઓનું કેન્દ્રીકરણ–આ ત્રણ બા-બતોમાં સફળતાની ચાવી રહેલી છે. શ્રેયાર્થી આશાવાદનો દીપક લઈને સત્કારપૂર્વકની સતત્ સાધનામાં ધીરજપૂર્વક ઝુકાવે છે. વિચારોનું શુદ્ધિકરણ અને સંસ્કરણ તેને માટે જરૂરી ભૂમિકા પૂરી પાડે છે અને શ્રેયાર્થી આમ સ્વ-સૃષ્ટિનું સર્જન પોતે જ કરતો હોય છે.

**વિશુદ્ધ અંતઃકરણનું નિર્માણ :**

શબ્દ, રસ, રૂપ વગેરે વિષયોના રાગપૂર્ણ ઉપભોગમાં ધન-વિદ્યા-બુદ્ધિ-તપ વગેરેના મિથ્યાભિમાનમાં, કલ્પિત સુખોના મનોરથોમાં રાચ્યા કરવામાં અને પરંપરા તેમ જ આદતોને



પોષનારી રહેણીકરણીમાં જીવવામાં મનુષ્યને સુખચેનનો અનુ-ભવ થાય છે. ક્યાંક રાગ મનુષ્યને નાચ નચાવે છે, ક્યાંક ક્રોધ તેને નિર્દય બનાવે છે, તો ક્યાંક મોહ તેને બાંધે છે. રાગ–ઉપભોગ, અહં–તૃપ્તિ, મનોરથ–પ્રાપ્તિ અને પરંપરા–પાલન કે આદત–પુષ્ટિ માટે યુક્તિબાજ મન યુક્તિ લડાવ્યા કરે છે. પરન્તુ આ બધી યુક્તિઓ ભોગનું સાધન બની શકે છે–મુક્તિનું કદાપિ નહિ. મનુષ્ય, એ બધાંમાંથી બચીને મનની વિશુદ્ધિ અને સંસ્કરણની સાધનામાં પ્રેરક એવાં પુનિત કાર્યો કરવા લાગે તો તેના વિચાર–વૃત્તિનું ઉર્ધ્વીકરણ થાય અને તેને અવિદ્યામાંથી મુક્તિ પ્રાપ્ત થાય. પ્રકૃતિના વિકાર–વિલાસ પ્રત્યે અનાસક્તિ–ભાવ ધરાવતા મનુષ્ય માટે પોતાના સ્વ–સ્વરૂપના બોધને માટે અનુકૂળ થાય તેવું વિશુદ્ધ અંતઃકરણ નિર્માણ કરવાવાળા કર્મ જ ધર્મ છે. નિર્મળ અંતરનું સમ-ર્પણ એ શ્રેયાર્થીનો સ્વધર્મ છે.

**અર્થ–કામનો નિયંતા ધર્મ :**

(૧) પોતે મૃત્યુંજય બને, (૨) સર્વજ્ઞ થાય અને (૩) સુખનો ઉપભોગ સદાકાળ કરતો રહી પરમ આનંદ–સ્વરૂપ બની જાય—આ ત્રણ એષણાઓ મનુષ્યજીવનમાં સર્વસામાન્ય છે. જ્ઞાની–અજ્ઞાની સૌ કોઈમાં જાણે-અજાણે આ હૃદયભાવ સ્વાભાવિક પ્રકૃતિગત હોય છે. વ્યક્તિના જીવનમાં ધર્મ, અર્થ અને કામનો સમન્વય અને સામંજસ્ય આવશ્યક છે. અર્થ અને કામનો સ્વેચ્છાચાર લોભ અને લોલુપતા, માંદગી અને ઈન્દ્રિય દૌર્બલ્ય તેમ જ પરાધીનતા અને સંઘર્ષની સૃષ્ટિનું સર્જન કરે છે. અમાપ ધનસંગ્રહ અને ઉચ્છંખલ કામોપ-ભોગની લાલસા, વ્યક્તિ તથા સમાજને જર્જરિત અને જંગલી બનાવી દે છે. બહેકી જવા માગતા મન–ઈન્દ્રિયોને અંકુશ અને નિયમનમાં લાવવા માટે ધર્મના અનુશાસનની આવશ્ય-કતા ઊભી થાય છે. આમ સર્વ કોઈને અને સર્વ કંઈ ને

ધારણ કરીને રક્ષણ આપનારો ધર્મ, નિરંકુશ અર્થ–કામ ઉપર પોતાનો અંકુશ રાખે છે. અર્થ–કામના સંગ્રહનો અને તેના ઉપભોગનો એક માત્ર સાચો નિયંતા ધર્મ છે. અર્થ–કામના નિયંતા આ ધર્મને આત્મસાત્ કરી લેવો જોઈએ. ધર્મ વિનાના અર્થ અને કામ ભયંકર અનર્થ અને અનિષ્ટ સર્જે છે.

**શ્રેયાર્થીનો સંગાથ :**

વિશ્વચૈતન્ય સાથે એકાત્મભાવ સાધવા માટે શ્રેયાર્થીએ ઐકાંતિક જીવનમાં સુખનો અનુભવ કરતાં શીખી લેવું જોઈએ. પોતાના સુખ અને આનંદ માટે અન્ય કોઈ વ્યક્તિ ઉપર તેનો આધાર હોતો નથી. એક પળ પણ એકાન્ત ન સહન કરી શકનાર અને એકાન્તમાં કંગાળ બની જનાર મનુષ્યનું માનસિક સ્વાસ્થ્ય અને સંતુલન બરાબર ગણાય નહિ; અને તેની પ્રતિભાનું મૂલ્ય પણ ઓછું અંકાય છે. શ્રેયપંથનો પ્રવાસી એકલપંથી હોય છે. કોઈ સાધર્મિક સહપ્રવાસીનો સાથ કે સથવારો સાંપડી જાય તો તેનો તે વિવેકબુદ્ધિયુક્ત સ્વીકાર કરીને ચાલે છે ખરો, પરંતુ તેના માર્ગના સાચા પથપ્રદર્શક તો સદ્ગુરુ અને પરમાત્મા એ જ હોય છે. શ્રેયપથમાં સાચા સાથી–સંગાથી તો (૧) અવિચલિત શ્રદ્ધા, (૨) અખૂટ ધીરજ અને (૩) નિરંતર સાધના હોય છે.

**જ્ઞાનલોચન :**

જીવન અને જીવનની સમજ પ્રત્યે શ્રેયાર્થીએ કડક સદ્ગુણપાલન અને ઉચ્ચ નૈતિક ધોરણ કેળવવાનાં છે. તે માટે (૧) આવેશોના પવિત્રીકરણ, (૨) વિચારોના આધ્યાત્મીકરણ અને (૩) મૂળભૂત માનસિક ઉચ્ચ આદર્શોના અમલીકરણ દ્વારા 'સારા બનવું અને સારું કરવું' એ માપદંડ જરૂરી છે. જીવનની સમજ પ્રત્યે મનુષ્ય પાંચ જ્ઞાનેન્દ્રિય ભૌતિક સ્તરે ધરાવે છે અને તે બધી ઇન્દ્રિયો ભૌતિક સ્તરે, ભૌતિક ક્ષેત્રે, ભૌતિક



ઉદ્દેશ્યોની પરિપૂર્તિ માટે જ કામ કર્યા કરે છે. પરંતુ મનુષ્યનું સર્વગ્રાહી, સર્વાંગસંપૂર્ણ વાસ્તવિક સ્વ-સ્વરૂપ પાંચ જ્ઞાનેન્દ્રિયોના ક્ષેત્રથી તદ્દન પર એવું ઘણું વિશાળ અને વિરાટ, વૈભવશાળી અને ઐશ્વર્યવાન છે. તે સ્વરૂપ ચર્મચક્ષુથી અદૃશ્ય, અપાર્થિવ, માર્દવયુક્ત, ચેતનાસભર અને દિવ્ય છે. પાર્થિવ પાંચ ઇન્દ્રિયો દ્વારા ઓળખાતા સ્થૂળ સ્વરૂપની પાછળ રહેલ વિરાટ અપાર્થિવ સ્વ-સ્વરૂપને મનુષ્ય પાંચ ઇન્દ્રિયો દ્વારા માપે છે, પરંતુ દેહ સાથે રહેલ આ વિરાટ સ્વ-સ્વરૂપને પિછાનવા માટે પાંચ ઇન્દ્રિયોથી પર કોઈ છઠ્ઠું જ્ઞાનલોચન જરૂરી બને છે. માનવ–મનમાં અનેક શક્યતાઓ પડેલી છે. મનની બાહ્ય વૃત્તિ–પ્રવૃત્તિ શાન્ત બની જાય અને તેનો ઇન્દ્રિયાતીત પ્રદેશમાં પ્રવેશ થતાં નવાં દ્વાર ઊઘડી જાય ત્યારે તેને માટે વિશ્વચેતનાને દ્વારે જઈને ઊભા રહેવાનું શક્ય બને છે. મનને વિકસિત થઈ વિશ્વચેતનામય થવાનું છે. મન વિશ્વચેતનામય થતાં આ વિરાટ સ્વ-સ્વરૂપનાં દર્શન લાધે છે.

**સત્–ચિત્ સાથે તાદાત્મ્ય :**

શ્રેયાર્થીનું મન વિશ્વચેતનામય થતાં તે આત્માના 'સત્' સ્વરૂપના જ્ઞાનને પામી આત્મસત્તાને ઓળખી લે છે. તે પોતે નિર્ભય બની જાય છે અને તેના તરફથી અન્ય સૌને અભયદાન મળે છે. આત્મા 'ચિત્–સ્વરૂપ' એટલે કે જ્ઞાનસ્વરૂપ છે, એવું દર્શન લાધતાં શ્રેયાર્થી પોતે અજ્ઞ રહેતો નથી અને અન્યને અજ્ઞ રહેવા દેતો નથી. પોતાની જ્ઞાન-અનુભૂતિ માટે પુરુષાર્થ અને અન્યની જ્ઞાન-અનુભૂતિમાં સહાય—એ તેનો નિત્યક્રમ બની રહે છે. સામાન્યજ્ઞાન, વિશેષજ્ઞાન અને સમન્વયજ્ઞાન વિના મનુષ્યજીવન સંતુલિત બની શકતું નથી. બધાં જ્ઞાનમાં વિલક્ષણ એવું અદ્વિતીય આત્મજ્ઞાન તો કેવળ વીતરાગ સંત–મહાત્માઓ પાસેથી જ પ્રાપ્ત થઈ શકે છે. શુદ્ધ નિરાકાર તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ શ્રેયાર્થીના જીવનની

પરમ સાધના બની રહે છે. તે સાધનામાં જ શ્રેયાર્થી પોતાના જીવનની પરમ સાર્થક્તા માને છે.

**આનંદ-સ્વરૂપની પ્રતીતિ :**

જીવનની પરમ સાર્થકતા માટે પુરુષાર્થ કરતો શ્રેયપથનો સાધક આત્માના આનંદ-સ્વરૂપને પણ પામે છે. તે કોઈપણ કારણે ક્યારેય, ક્યાંયેપણ દુઃખનો અનુભવ કરતો નથી. કેમકે આત્મચેતનાના અસીમ વિસ્તરણમાં ક્યાંય દુઃખ,સંતાપ,ઉદ્વેગ-શોકની છાયામાત્ર પણ હોતી નથી. શ્રેયાર્થી ત્યારે સર્વદા, સર્વત્ર, સર્વપ્રકારે, સર્વપરિસ્થિતિમાં સુખનો અનુભવ કરે છે અને અન્યને સુખનો અનુભવ કરાવતો રહે છે. તે માને છે કે સુખના અનુભવમાં જીવવું અને અન્યને સુખનો અનુભવ કરાવતા રહેવું એ સ્વ-ધર્મ છે. સુખ જેટલું નિત્ય, અનાયાસે પ્રાપ્ત, અન્યના ભોગે નહિ મેળવેલું, અન્ય પર આધાર વગરનું અને વ્યાપક હોય છે, તેટલા પ્રમાણમાં તે સુખ શ્રેષ્ઠ બને છે. સુખ અને સુખપ્રાપ્તિનાં સાધનોને જેટલા પ્રમાણમાં આત્મા સાથે નિકટતા હોય છે તેટલા પ્રમાણમાં તે સુખની સ્થિરતા અને સૂક્ષ્મતા વધારે હોય છે.

**પ્રકૃતિ પરિવર્તન—ઉપસંહાર :**

સાધકને સર્વાત્મભાવનો અનુભવ થતાં અજ્ઞાનમૂલક ભેદ-ભાવદૃષ્ટિનું નિરસન થઈ જાય છે. સાધક સર્વત્ર પ્રેમભાવ, આત્મીયતા અને આત્મરૂપતા અનુભવે છે. સૌના હૃદયમાં નિવાસ કરી રહેલ 'આત્મદેવ' એક જ છે તેથી બીજાઓ પ્રત્યે જે વ્યવહાર કરીશું, તે પોતાના પ્રત્યે પણ થશે, એવી સભાનતા સાથે સાધક પછી બધા વ્યવહાર કરે છે.

સર્વનાશમાં પણ ચિત્તમાં ધૈર્યધારણા, અસ્પૃહા, બાહ્યાંતર પવિત્રતા, જિતેન્દ્રિયપણું, અપ્રતિહત બુદ્ધિ – પ્રતિભા, વિવેકપૂર્ણ વાણી – વર્તન, નિર્વિકાર ચિત્તવૃત્તિ – આ બધાં



સાધકનાં લક્ષણ છે. સદ્જ્ઞાનનાં પ્રકાશ અને નિર્વેદમય અનાસક્તિથી સાત્વિકભાવની વૃદ્ધિ થાય છે. સાધકનાં કાર્ય સ્વ-પરહિતકારી, શરીર–મનને માટે સુખદાયક અને લોક–પરલોકને માટે કલ્યાણકારી હોય છે. સાધકે વૃત્તિ–વાસનાના ઉગમ-સ્થાન મનને જ શાંત કરી દીધું હોય છે.

પાર્થિવ સુખોને છોડીને શાશ્વત સુખોને માર્ગે વાળનારી વિવેકબુદ્ધિ જાગ્રત થાય ત્યારે મનુષ્ય પ્રેય–પથનો પ્રવાસી મટીને શ્રેય–પથનો સાધક બને છે. તેની સાધનાનું લક્ષ્યબિંદુ જીવત્વમાંથી શિવત્વમાં પ્રવેશ કરવાનું છે. તે લક્ષ્યની પ્રાપ્તિ સુધી પહોંચવાના પુરુષાર્થને જ શ્રેયાર્થી સાધક જીવનની પરમ સાર્થકતા માને છે.

❋

## જલબિન્દુ

એક જલબિન્દુ
ગગન મહાસાગરના ઉર વિષે વિહરતું
હું મનમાં સદા રહું મલકતું.
જલતી જ્યોત ગગનની ઝીલી
    જ્વલંત હું ઝળહળતું,
રાતે કો રમણીય રૂપેરી
    પૂનમને ઉર હસતું;
ઉદધિની અખિલાઈ લહીને
    પલકમહીં વિસ્તરતું ... એક જલબિન્દુ.
સિંધુ કોઈ દિન બિન્દુ ગણે ના,
    નહિ તીરે રઝળાતું;
કિરણો તપ્ત ન તનને શોષે
    રજમાં ના અળપાતું;
પળ ન સ્વરૂપમહેરામણથી
    અલગપણું નિજ ધરતું ... એક જલબિન્દુ.

– પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઇ (કુમાર)

# દ્વારકાધીશની કૃપા

[ સત્ય ઘટના ] શ્રી નારાયણ હ. જાની

[ આજના યુગમાં આપણે ન માનીએ એવી આ વાત છે પરંતુ તે ખરેખર એક સત્ય ઘટના છે. જેમનો આ અનુભવ છે, તેઓના સ્વમુખે જ આ ઘટના મેં થોડા દિવસો પહેલાં સાંભળી છે.

તેઓ એક ઉચ્ચ સરકારી અધિકારી છે પરન્તુ પ્રસિદ્ધિની દુનિયાથી દૂર રહેવાનો એમનો સ્વભાવ છે. પોતે એક સારા સાધક છે ને પરમાત્માની પરમશક્તિમાં ખૂબ અચળ શ્રદ્ધા ધરાવે છે, જે એમના સ્વાનુભવમાંથી જન્મેલી છે.

તેઓ ખૂબ નમ્ર, સાદા, ને સરળ છે. પોતે જે કંઈ સાધન, ભજન કરે છે તે બને તેટલું ગુપ્ત રાખવા પ્રયત્ન કરે છે અથવા આત્મીયજનોમાં વાત કરતાં સહજભાવે જે બોલાય, તે સિવાય કંઈ કહેતા નથી. આમ છતાં આ પ્રસંગ વાંચ્યા પછી, એમની આધ્યાત્મિક કક્ષા ઘણી ઊંચી છે. મારા એ અભિપ્રાય સાથે વાંચકો પણ અવશ્ય સંમત થશે, એમ હું માનું છું." ચાલો, એમના સ્વમુખે જ આપણે આ વાત સાંભળીએ. – તંત્રી ]

૧૯૭૦ની સાલની આ વાત છે. એ વર્ષે મને દ્વારકાધીશનાં દર્શને પગે ચાલીને જવાની ઇચ્છા થઈ. ક્યાં અમદાવાદ ને ક્યાં દ્વારકા? નજીક તો ન જ કહેવાય? પરન્તુ મનમાં ભાવના થઈ એટલે જવાની તૈયારી મેં કરી દીધી.

આવી યાત્રામાં સામાન્ય રીતે મારો એ નિયમ હોય છે કે કોઈનું કશું ખાવું નહિ. પોતાના હાથે રાંધીને જ ખાવું ને બને તેટલી શુદ્ધિ જાળવીને ભગવાનનું સ્મરણ કરતાં કરતાં યાત્રા કરવી.

આ નિયમોને લઈને હું સાથે નાનો સરખો પ્રાયમસ રાખતો. રાંધવાની સામગ્રીમાં થોડી ખીચડી, લોટ કે મોરિયો



ને થોડા મસાલા. એકાદ બે નાની તપેલીઓ, એક થાળી, વાટકો.–બસ. વધુ રખાય પણ કેટલું? કારણકે સાઈકલ ઉપર ગોઠવીને તેને દોરીને ચાલવાનું. પીવાના પાણી માટે નાની બતક રાખતો. રસ્તે ચાલતાં થાકથી તરસ લાગે ને બધે જોઈએ ત્યારે પાણી ન પણ મળે. એટલે પાણીના બતકની જરૂર રસ્તામાં પડે જ.

યાત્રાનો પ્રારંભ વહેલી સવારથી કરતો. બપોરે જ્યાં પાણી ને છાંયાની અનુકૂળતા મળે, ત્યાં ઢાળો કરતો. સાદી એકાદ વસ્તુ બનાવી લેતો. ખાઈને થોડો આરામ કરતો. પછી પાછો યાત્રામાં આગળ વધતો.

માર્ગમાં ચાલતાં ચાલતાં સતત પ્રભુના નામનો જાપ કરતો જતો, એ મારો નિયમ હતો. મારી આ યાત્રામાં મારા સાથે કોઈ ન હતું. હું એકલો જ હતો. એટલે માર્ગમાં ચાલતાં પ્રભુના નામજપમાં કોઈ વિક્ષેપ પડવાનો પ્રશ્ન જ ન હતો.

પ્રભુનું સ્મરણ કરતાં થતું કે દ્વારકાધીશ ખુદ જ આપણી સાથે છે, પછી બીજાની જરૂર પણ શું છે?

ચાલતાં ચાલતાં દસ દિવસે જામ ખંભાળિયા વટાવીને હું આગળ વધી રહ્યો હતો. હજી તો દ્વારકા ખાસ્સુ પંચોતેર માઈલ દૂર હતું. એથી મનમાં થયું જેટલું અંતર કપાઈ જાય તેટલું સારું. પરન્તુ જામખંભાળિયાથી ભાટિયા વચ્ચેનો રસ્તો સાવ ઉજ્જડ જેવો. માર્ગમાં પાણી પણ ઓછું મળે ને છાંયો તો એથીયે ઓછો.

હું આ માર્ગ ઉપર આગળ વધી રહ્યો હતો ત્યાં મને તરસ લાગી, પરન્તુ બતક ખોલતાં જ ખબર પડી કે ઉતારાથી આગળ ચાલતાં બતકમાં પાણી ભરવાનું જ રહી ગયું છે! હવે શું થાય? માથે તડકો થવા આવેલો, દૂર દૂર સુધી

નજર નાંખી, પરન્તુ ક્યાંય ગામ દેખાય નહિ. છતાં મનમાં હિમ્મત રાખી, આગળ ચાલવા માંડયું.

ખાસ્સુ અડધો કલાક ચાલ્યો એટલે રસ્તાની એક બાજુ પર ગામ જેવું દેખાયું. આથી હિમ્મત આવી ને તરસ છીપાવવા ઝડપભેર ગામ તરફ ચાલવા માંડયું. હવે સૂરજ માથે આવી ગયો હતો, એટલે અંદરની તૃષાની વ્યથા ને બહારના તડકાની ગરમી, બન્ને શરીરને વ્યથા પહોંચાડી રહ્યાં હતાં. છતાં હિમ્મત હારી ગયે ચાલે તેમ ન હતું એટલે મેં ગામ તરફ ચાલવા માંડયું.

ગામની નજીક પહોંચતાં જ એક માણસ મળ્યો. મેં એને પૂછ્યું, 'અહીં નજીકમાં ક્યાંય પાણી મળશે?' મારો પ્રશ્ન સાંભળી એણે મજાકમાં કહ્યું. "दारु जरूर मिलेगा आगे जाईओ."

વધુ પૂછતાં માલૂમ પડયું કે આખું ગામ જ મુસલમાનોનું છે. એ જાણીને પાણી મળવાની ઈચ્છા જ નષ્ટ થઈ ગઈ! મનમાં થયું કે ભલે પાણી વિના જીવ જાય, પરન્તુ આ ગામે તો પાણી પીવું જ નથી. મનમાં એમ સંકલ્પ કરી મેં ફરી સડક ઉપર આવી ચાલવા માંડયું.

પરન્તુ હવે પગ કહ્યું કરતા ન હતા. તરસની વ્યથા તો હતી, તેમાં નજીકમાં ક્યાંય પાણી નથી એ નિરાશાથી શરીરમાં એક પ્રકારની શિથિલતા વરતાવા લાગી. છતાં મેં ચાલ્યે રાખ્યું. ત્યાં થોડે દૂર એક ગરનાળું દેખાયું. મનમાં વિચાર્યું 'પાણી ભલે ન મળે, પણ ત્યાં બેસીને થોડો વિસામો કરી લઉં.' એમ વિચારી હું ગરનાળે પહોંચ્યો. ને ત્યાં પાળ ઉપર બેસી ગયો.

માથે તડકો તો ભારે હતો, પરન્તુ તરસની વ્યથા એટલી ભારે હતી કે કદાચ તરસ્યે મારો જીવ નીકળી જશે, એમ



થવા માંડયું. અંતકાળ નજીક હોય એમ મને લાગ્યું મનમાં દ્વારકાધીશનું સ્મરણ કર્યું ને મનોમન કહ્યું પણ ખરું કે પ્રભુ હવે તરસ સહેવાતી નથી. તરસની પીડામાં તમારું સ્મરણ અંતકાળે ભુલાઈ ન જવાય એટલું જો જો!

આમ પ્રાર્થના કરી મેં આગળના રસ્તા ઉપર સહજભાવે નજર કરી, તો થોડે દૂર કંઈક લીલોતરીવાળું ખેતર જણાયું! લીલોતરી જોતાં જ થયું કે લીલોતરી છે એટલે પાણીનો કૂવો તો હશે જ. હું તુરત જ ઊભો થયો ને એ વાડી તરફ ચાલવા માંડ્યો.

કૂવા પાસે એક ઝાડ હતું. ત્યાં એક છાપરી જેવું હતું. બે બાઈઓ કંઈ કામ કરતી હતી. ને પાસે એક નાનો છોકરો રમતો હતો.

હું ઝાડ નીચે જેવો બેઠો કે મને તરસની અસહ્ય પીડાથી તમ્મર આવી ગયાં. ત્યાં તો પેલી બે બાઈઓમાંથી એકે ઊઠીને લોટો માંજીને મને પાણી દીધું. ઘૂંટડે ઘૂંટડે હું આખો લોટો પાણી ગટગટાવી ગયો! એ બાઈ તો જોઈ જ રહી! એણે મને બીજો લોટો પાણી લાવી દીધું.

બીજું થોડું પાણી પીધા પછી મને થોડી કળ વળી. ધીમે ધીમે મારું શરીર સ્વસ્થ થયું. એટલે મેં વિચાર કર્યો કે પાણી ને છાંયો છે, તો લાવને થોડું કંઈક બનાવી લઉં!

ત્યાં તો કૂવાનો માલિક ખેડૂત આવ્યો. એણે વાતચીતમાં જાણી લીધું કે હું બ્રાહ્મણ છું ને દ્વારકાધીશની યાત્રાએ પગે ચાલીને જાઉં છું.

એણે મારા પ્રત્યે ખૂબ આદરભાવ દેખાડ્યો ને એક લોટો ભરીને છાસ લઈ આવ્યો.

મને છાસ જોતાં થયું "ઓ પ્રભુ, તારી માયા કેવી છે? ઘડી પહેલાં પાણી વિના મારો જીવ જતો હતો, ત્યાં તો તેં

નજર નાંખી, પરન્તુ ક્યાંય ગામ દેખાય નહિ. છતાં મનમાં હિમ્મત રાખી, આગળ ચાલવા માંડયું.

ખાસ્સુ અડધો કલાક ચાલ્યો એટલે રસ્તાની એક બાજુ પર ગામ જેવું દેખાયું. આથી હિમ્મત આવી ને તરસ છીપાવવા ઝડપભેર ગામ તરફ ચાલવા માંડયું. હવે સૂરજ માથે આવી ગયો હતો, એટલે અંદરની તૃષાની વ્યથા ને બહારના તડકાની ગરમી, બન્ને શરીરને વ્યથા પહોંચાડી રહ્યાં હતાં. છતાં હિમ્મત હારી ગયે ચાલે તેમ ન હતું એટલે મેં ગામ તરફ ચાલવા માંડયું.

ગામની નજીક પહોંચતાં જ એક માણસ મળ્યો. મેં એને પૂછ્યું, 'અહીં નજીકમાં ક્યાંય પાણી મળશે?' મારો પ્રશ્ન સાંભળી એણે મજાકમાં કહ્યું. "दारु जरूर मिलेगा आगे जाईये."

વધુ પૂછતાં માલૂમ પડયું કે આખું ગામ જ મુસલમાનોનું છે. એ જાણીને પાણી મળવાની ઈચ્છા જ નષ્ટ થઈ ગઈ! મનમાં થયું કે ભલે પાણી વિના જીવ જાય, પરન્તુ આ ગામે તો પાણી પીવું જ નથી. મનમાં એમ સંકલ્પ કરી મેં ફરી સડક ઉપર આવી ચાલવા માંડયું.

પરન્તુ હવે પગ કહ્યું કરતા ન હતા. તરસની વ્યથા તો હતી, તેમાં નજીકમાં ક્યાંય પાણી નથી એ નિરાશાથી શરીરમાં એક પ્રકારની શિથિલતા વરતાવા લાગી. છતાં મેં ચાલ્યે રાખ્યું. ત્યાં થોડે દૂર એક ગરનાળું દેખાયું. મનમાં વિચાર્યું 'પાણી ભલે ન મળે, પણ ત્યાં બેસીને થોડો વિસામો કરી લઉં.' એમ વિચારી હું ગરનાળે પહોંચ્યો. ને ત્યાં પાળ ઉપર બેસી ગયો.

માથે તડકો તો ભારે હતો, પરન્તુ તરસની વ્યથા એટલી ભારે હતી કે કદાચ તરસ્યે મારો જીવ નીકળી જશે, એમ



થવા માંડયું. અંતકાળ નજીક હોય એમ મને લાગ્યું મનમાં દ્વારકાધીશનું સ્મરણ કર્યું ને મનોમન કહ્યું પણ ખરું કે પ્રભુ હવે તરસ સહેવાતી નથી. તરસની પીડામાં તમારું સ્મરણ અંતકાળે ભુલાઈ ન જવાય એટલું જો જો!

આમ પ્રાર્થના કરી મેં આગળના રસ્તા ઉપર સહજભાવે નજર કરી, તો થોડે દૂર કંઈક લીલોતરીવાળું ખેતર જણાયું! લીલોતરી જોતાં જ થયું કે લીલોતરી છે એટલે પાણીનો કૂવો તો હશે જ. હું તુરત જ ઊભો થયો ને એ વાડી તરફ ચાલવા માંડ્યો.

કૂવા પાસે એક ઝાડ હતું. ત્યાં એક છાપરી જેવું હતું. બે બાઈઓ કંઈ કામ કરતી હતી. ને પાસે એક નાનો છોકરો રમતો હતો.

હું ઝાડ નીચે જેવો બેઠો કે મને તરસની અસહ્ય પીડાથી તમ્મર આવી ગયાં. ત્યાં તો પેલી બે બાઈઓમાંથી એકે ઊઠીને લોટો માંજીને મને પાણી દીધું. ઘૂંટડે ઘૂંટડે હું આખો લોટો પાણી ગટગટાવી ગયો! એ બાઈ તો જોઈ જ રહી! એણે મને બીજો લોટો પાણી લાવી દીધું.

બીજું થોડું પાણી પીધા પછી મને થોડી કળ વળી. ધીમે ધીમે મારું શરીર સ્વસ્થ થયું. એટલે મેં વિચાર કર્યો કે પાણી ને છાંયો છે, તો લાવને થોડું કંઈક બનાવી લઉં!

ત્યાં તો કૂવાનો માલિક ખેડૂત આવ્યો. એણે વાતચીતમાં જાણી લીધું કે હું બ્રાહ્મણ છું ને દ્વારકાધીશની યાત્રાએ પગે ચાલીને જાઉં છું.

એણે મારા પ્રત્યે ખૂબ આદરભાવ દેખાડ્યો ને એક લોટો ભરીને છાસ લઈ આવ્યો.

મને છાસ જોતાં થયું "ઓ પ્રભુ, તારી માયા કેવી છે? ઘડી પહેલાં પાણી વિના મારો જીવ જતો હતો, ત્યાં તો તેં

અત્યારે પાણીની સાથે છાસ પણ હાજર કરી દીધી!" એ ભાઈનો પ્રેમ જોઈ મેં છાસ લીધી ને એના છોકરાના હાથમાં બે રૂપિયા મૂક્યા. એમણે લેવા ના પાડી, પરન્તુ કોઈનું કંઈ પણ મફત ન લેવાની મારી પ્રતજ્ઞિાની મેં વાત કરી. એટલે એમણે એ લીધા.

હવે મેં પ્રાયમસ ઉપર થોડો સામો મૂકી દીધો ને છાસ વધારી દઈ, મારું ભોજન પતાવી, કલાકેક આરામ કર્યો.

સાંજના ચારેક થવા આવ્યા હતા, એટલે થયું "ચાલો હવે ઊપડીએ, હજી પંથ લાંબો છે."

હું કૂવા ઉપરથી નીકળ્યો, ત્યાં પેલા ભાઈએ આવી મને પાંચ રૂપિયા આપવા માંડ્યા. મેં કહ્યું, "હું કાંઈ લેતો નથી. પરન્તુ તમારી ઈચ્છા હોય તો આ રકમ શ્રી દ્વારકાધીશને ચરણે ભેટ ધરી દઈશ."

"ભલે એમ કરજો." કહી એ ભાઈ મને પ્રણામ કરી, પોતાના કામે વળગ્યા.

હું ધીમે ધીમે ચાલીને રસ્તા ઉપર આવ્યો. હવે થાક ન હતો. ભૂખ ને તરસ પણ ન હતાં. બતકમાં પાણી પણ ભરી લીધું હતું. થોડું આગળ ચાલ્યો ત્યાં વળાંક આવતો હતો, એટલે જે સ્થળે મને જીવન આપ્યું હતું તેના તરફ છેલ્લી નજર કરી લેવાની લાલચ ન રોકી શક્યો. પરન્તુ આ શું ?

પાછળ તો કંઈ લીલોતરી, ઝાડ કે ખેતર દેખાતું ન હતું! હું વિમાસણમાં પડી ગયો! થયું કે મને કંઈ ભ્રમણા તો નથી થઈ! હું તરત પાછો વળ્યો. મારા પગ ઝડપથી જે ગરનાળા આગળથી મેં આ લીલોતરી- વાળું ખેતર જોયું હતું તે તરફ ઊપડવા માંડ્યા, જ્યારે મારું મન ભારે ગડમથલ અનુભવી રહ્યું હતું. ચાલતાં ચાલતાં હું



રહી રહીને આસપાસ નજર કરતો જતો પરન્તુ ક્યાંય પેલું લીલું ઝાડ કે ખેતર દેખાતાં નહિ!

આમ ચાલતાં ચાલતાં પેલા યાદગાર ગરનાળે હું આવી પહોંચ્યો. હવે ભ્રમણાને કોઈ અવકાશ ન હતો. આ જ જગ્યાયેથી મેં એ લીલું ખેતર ને ઝાડ જોયાં હતા. હજી માંડ પાંચ થવા આવ્યા હતા. એટલે અંધારું પણ ન હતું. ધોળે દિવસે આ જ સ્થળેથી મેં પેલું ખેતર ને ઝાડ જોયાં હતાં. એટલું જ નહિ, પરન્તુ મેં એ ખેતર જઈને પાણી પીધું હતું, આરામ કર્યો હતો, ખાધું હતું. શું આ બધું ખોટું? કેમ મનાય?

આવા વિચારોના ઘમસાણથી મન ભારે થઈ ગયું. ઢળતી સાંજ હતી, છતાં મને પરસેવો થઈ આવ્યો. એ લૂછવા માટે રૂમાલ કાઢવા મેં કફનીના ગજવામાં હાથ નાંખ્યો, તો તેની સાથે પેલા કૂવા ઉપરથી ખેડૂતે આપેલી પાંચની નોટ પણ બહાર નીકળી આવી. ધારો કે બપોરના બધા જ બનાવો ભ્રમણારૂપ હતા, પરન્તુ આ પાંચ રૂપિયાની નોટ તો તેના પ્રત્યક્ષ પૂરાવારૂપ મારા હાથમાં જ હતી! એ ખોટી છે એમ કેમ માનું!

આખરે હું ગરનાળાની પાળ ઉપર બેસી ગયો! પેલી નોટને મેં આંખે અડાડી. એ ભાવથી કે મારા પ્યારા પ્રભુની એ ભેટ હતી! એમના હસ્તનો સ્પર્શ પામેલી એ પ્રત્યક્ષ પુરાવારૂપ સાબિતી હતી. લોકો મારી આ વાત માને, ન માને તેની સાથે મારે શી નિસ્બત,! અને કોઈને કહેવાની પણ મારે શી જરૂર!

આમ હું દ્વારકાધીશની કૃપાથી અનુગ્રહિત થઈને આગળ ચાલ્યો.

એ વખતે મારા મનમાં ડાકોરના ભક્ત બોડાણાના જ વિચારો આવતા હતા. આ એ જ દ્વારકાધીશ પ્રભુ છે, જેમણે

ભક્ત બોડાણાનું ગાડું હાંકી રાતોરાત દ્વારકાથી ડાકોર પહોંચાડ્યા હતા. પ્રભુની કૃપા શું ન કરે? એ સર્વકંઈ કરવા સમર્થ છે.

બસ, આ વિચારોમાં ડૂબેલો હું કલ્યાણપુર પાસે વિસામે પહોંચ્યો ત્યારે રાત પડી ગઈ હતી છતાં જે અનુભવ્યું હતું તેના જ વિચારો મનમાં ઊઠ્યા કરતા હતા.

ત્રીજા દિવસે સવારે હું દ્વારકાધીશના મંદિરે પહોંચ્યો ત્યારે એનું દર્શન કરતાં મારું હૃદય ભાવવિભોર બની ગયું! એમની કરુણાને યાદ કરીને આંખમાં આંસુ ઊભરાયાં ને મેં ધીરેથી 'એણે જ' આપેલી, પેલી પાંચ રૂપિયાની નોટ કાઢી એના ગોલખમાં નાખતાં કહ્યું, 'પ્રભુ, તમારી આપેલી ભેટ તમને જ ચઢાવું છું. કારણકે પેલા ખેડુત સાથે વચનથી બંધાયો છું, નહિ તો તમારી પ્રસાદીની નોટ હું જ ન રાખી લેત! એ મારું એક સુંદર સંભારણું બની રહેત.'

એ પ્રભુનાં દર્શન કરતાં મને એ પ્રતિમા જીવંત લાગી. જાણે કરુણાસભર નેત્રોથી એ મારી સામે નિરખી રહી ન હોય! પોતાના ભક્તને પડેલા કષ્ટથી પ્રભુને ભારે દુઃખ થાય છે, એ ભાવ એ પ્રતિમાના મુખારવિંદ પર મને અંકિત થયેલો લાગ્યો. ને મારાથી બોલાઈ ગયું. "ના પ્રભુ, ના મને કોઈ થાક લાગ્યો નથી. પોતાના પ્રિયને મળવા જવામાં તે વળી થાક લાગતો હશે?"

ને પાછળ ઊભેલા ભક્તવૃંદના 'દ્વારકાધીશની જય'ના ઉદ્ઘોષમાં મારા એ શબ્દો ડૂબી ગયા.

દ્વારકાની મારી પદયાત્રા એ સાચા અર્થમાં યાત્રા બની ગઈ એના સંતોષ સાથે હું પાછો ફર્યો.

❀



## – તો ય ઘણું

હે દેવ,
તારા નામની માળા કેટલી વાર
ફેરવ્યા કરું છું... પણ દિલમાં કોઈ
રોમાંચ નથી, મનમાં
કોઈ આનંદ નથી, આંખોમાં કોઈ આંસુ નથી.
કાંઈ નહિ.
આ વ્યર્થ બાલચેષ્ટા તરફ હસી
શકું તો ય ઘણું.

હે દેવ,
તારું ધ્યાન કરવા બેસું છું ને મન
સંસારમાં ઉડવા લાગે છે.
જાણે સંસારના તમામ પ્રાણી, પદાર્થ,
પ્રસંગો પોતાના પ્યારા ગુલામને
છટકી દેવા માગતાં નથી.
કાંઈ નહિ.
મારી આ ભારે નિર્બળતાનો
મૌન નિઃસાસો તારી પાસે નાખી શકું
તો ય ઘણું.

હે દેવ,
તને શોધવા નીકળ્યો, તારે બદલે
મને સામાં મળ્યાં રોતાં રોગીયાં,
કકળતાં દીનદુઃખીયાં, વાતવાતમાં
ઝઘડતાં ને કકળાટ કરતાં મનખિયાં.
ભયથી થીજી જઈને એક ખૂણામાં
કિંકર્તવ્યમૂઢ બનીને ઊભો છું.
કાંઈ નહિ.
હવે પાછો ફરીને ઘરમાં જ પડેલાં
રોગીયાં, દુઃખીયાં, ઘરડાં મનખિયાંની
સેવા કરવા આગળ ડગલું ભરી
શકું તો ય ઘણું.

– યશસ્વીભાઈ ચ. મહેતા

## પ્રભુજીના પંથે

( રાગ : મુખડાની માયા લાગી રે )

ઝુકાવ્યું જીવન મારું રે પ્રભુજીના પંથે.
ચિંતા ચતુરાઈને મેલી
સંસારની વાતો ઠેલી
બની છું પ્રભુપ્રેમે ઘેલી રે … પ્રભુજીના પંથે.

નિંદા ટીકા ભલે થાયે
સ્વજનો વળી છોડી જાયે
જે થવાનું હોય તે થાયે રે … પ્રભુજીના પંથે.

કોઈ સામે ના જુએ મારી
મેં તો પ્રભુથી બાંધી યારી
એ વાત ખરેખર ન્યારી રે … પ્રભુજીના પંથે.

વિપત્તિનાં વાદળ વરસે
વિધિનાં વિધાનો ફરકે
તપ ને વ્રત મારાં ફળશે રે … પ્રભુજીના પંથે.

–સર્વેશ્વરી

દરિદ્રતાની ભૂખ તે જીવન નથી, પણ સમૃદ્ધિનું ગૌરવ તે જીવન છે. નિરાશા, ભય ને ચિંતા તે જીવન નથી, પણ સર્જન ને મસ્તી જીવન છે.

સ્થૂલ બનાવો અને તેની પ્રત્યાઘાતી અસરો તે જીવન નથી, પણ નિજત્વની શોધ તે જીવન છે. અસીમ અને અનંતનો જીવંત સંપર્ક અને સહવાસ તે જીવન છે. અગાધ અજ્ઞેય પ્રત્યેની એકલવાયી નીરવ યાત્રા તે જીવન છે. Self Discovery જાતને શોધવી અને પામવી તે જીવન છે.

–ચિંતનયાત્રા



## રાધા – બલિહારી !

નટવર નાગરનું તો સમજ્યા !
રાધા ! ત્હારી બલિહારી,
કાલિય નાગને નાથ્યો જેણે
તેને તેં નાથ્યો ભારી !
રાધા ! ત્હારી બલિહારી.


ગોવર્ધન ધાર્યો ગિરિધારી —
કામગીરી એ સહિયારી !
નેત્ર-કટાક્ષે ધાર્યો ગિરિધર,
જપ-તપની કારી હારી !
રાધા ! ત્હારી બલિહારી.

વિશ્વંભર એ ભલે કહાવે —
ભૂખ્યા જગમાં ભિખારી !
વિશ્વંભરનું ઉદર ભરે તું
ધારા તારી અમિયાળી !
રાધા ! ત્હારી બલિહારી !

–રણજિત પટેલ ( અનામી )

# વક્રાસન

શ્રી મણિભાઈ શાહ




વક્રાસન મત્સ્યેંદ્રાસનનું સહેલામાં સહેલું રૂપ છે. એ સૌ કોઈ સહેલાઇથી કરી શકે છે. વક્રાસનમાં મત્સ્યેંદ્રાસન કે અર્ધ મત્સ્યેંદ્રાસનથી ફાયદો ઓછા પ્રમાણમાં મળે. પરંતુ પ્રત્યેક આસન કરનારે, જો પહેલાં એ આસનો ન કરી શકતો



હોય તો વક્રાસનને પોતાના આસનોના દૈનિક કાર્યક્રમમાં અવશ્ય સ્થાન આપવું જોઈએ.

**આસનની રીત :**

(૧) બંને પગ લંબાવી બંને હાથ બાજુ પર રાખી બેસો.

(૨) પછી જમણો પગ ઉઠાવી તે પગનું આખું તળિયું જમીન સાથે અડે તેવી રીતે ડાબા પગના ગોઠણને પડખે મૂકો અને ડાબા હાથથી ગોઠણને ખેંચી લો. જુઓ ચિત્ર નં. ૧

(૩) હવે ડાબો હાથ સીધો કરી તેનાથી જમણા પગનો ગોઠણ દબાવી રાખી જમણા પગનો પંજો પકડી રાખો. સાથે સાથે ધડને મરડો અને જમણો હાથ જેટલો જઈ શકે તેટલો જમણી તરફ લઈ જઈ જમીન ઉપર ટેકવો. જુઓ ચિત્ર નં. ૨. ધડ બને તેટલું મરડ્યા પછી જમણો ગોઠણ પાછો ન પડે તેટલું કોણીથી દબાણ રાખવું, તેમ જ જમણો હાથ જે જમીન પર ટેકવેલો છે તેને પણ ચસકવા ન દેવો અને મોઢું પણ ખભા સીધમાં આવે તેમ ગર્દનને મરડો. આવી રીતે ધડ અને ગરદનનો મરોડ ૫–૭ સેકંડ સ્થિર રાખી અને પછી બીજી બાજુથી પણ તેટલો જ સમય કરવું. બંને બાજુ થાય એટલે આસન પૂરું થયું ગણાય. શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવો.

ચિત્ર નં. ૩–૪માં બીજી બાજુથી આસન કરી દેખાડ્યું છે. ચિત્ર નં. ૧–૨ ના વર્ણનમાં જ્યાં ડાબોજમણો આવે ત્યાં ચિત્ર નં. ૩–૪ વખતે જમણોડાબો સમજવાનું છે.

# પ્રકાશને પંથે

શ્રી યોગેશ્વરજી
સંક્ષેપક : દીપકભાઈ પ્ર. મહેતા

## ૧૦ આશ્રમમાં આરંભની અરુચિ અને ગૃહપતિ માટે પ્રાર્થના

મુંબઈનું વાતાવરણ મારે માટે તદ્દન નવું હતું. કેટલીક સંસ્થાઓમાં જોવામાં આવે છે તેમ અમારી સંસ્થામાં પણ નાના વિદ્યાર્થીઓ પર મોટા વિદ્યાર્થીઓનું પ્રભુત્વ હતું. નાના વિદ્યાર્થીઓ પાસે મોટા વિદ્યાર્થીઓ પોતાનું કામ કરાવતા ને તેમ કરાવવા જરૂર પડે તો ધાક–ધમકી ને મારનો આશ્રય પણ લેતા. ભયનું સામ્રાજ્ય એ રીતે બાળકોની ચારે તરફ, અંદર ને બહાર બધે જ ફેલાયેલું. વળી નાનાં બાળકો મોટી ઉંમરનાં બાળકોની સરખામણીમાં પોતાનાં કામ તેટલાં સરસ રીતે ક્યાંથી કરી શકે? તેવાં બાળકોને સારું કામ ન કરવા બદલ સજા કે દંડ કરવામાં આવે તે તો ક્રુરતા જ ગણાશે ને મૂર્ખતામાં ખપશે, તેથી તેમનામાં સુધારો નહીં થઈ શકે.

દૈનિક કાર્યક્રમમાં નિયમોનું પાલન સંસ્થામાં ખૂબ જ ચોકસાઈથી ને કડકાઈથી થતું, તેથી શરૂઆતમાં નાનાં બાળકોને કંટાળો આવતો. શારીરિક શ્રમના વિચાર માત્રથી જ બાળકો ઢીલાં ઢીલાં થઈ જતાં. બાળકોના કોમળ ગાલ પર ગૃહપતિનો રાક્ષસી પંજો પડતો ત્યારે બાળકો થથરી જતાં ને બૂમ પાડી ઊઠતાં. આવા વાતાવરણમાં મારે રહેવાનું હતું. ગામડાનું મુક્ત વાતાવરણ યાદ આવતાં દિલ એ વાતાવરણનો જાણે આનંદ લેવા દોડી જતું.

મારા મુંબઈગમન દરમ્યાન માતાજીના મોટાભાઈ સંસ્થાની પાસે જ રહેતા, તે તેમના શેઠની પાસે અંધેરી રહેવા



ગયા ત્યારે દર રવિવારે હું તેમની પાસે જતો. તે મારા પર પુષ્કળ પ્રેમ રાખતા ને મને જોઈતી મદદ કરતા.

સંસ્થામાં દાખલ થયા પછી એકાદ–બે વરસ તો મારું મન કૈંક અસ્વસ્થતા અને અણગમાનો અનુભવ કરતું રહ્યું પણ પાછળથી ઠીક થઈ ગયું. વેકેશનની રજા પડતાં ઘેર જવાનું થતું. પછી તો સંસ્થામાં એટલું ગમી ગયું કે સંસ્થાને છોડીને ઘેર જવાનું પણ ખેંચાણ ખાસ થતું નહીં. દરેક નવી વસ્તુને નવા વાતાવરણનું એવું જ છે. ખરેખર, મનની લીલા અદ્ભુત છે તેનામાં પ્રાપ્ત પદાર્થને પરિસ્થિતિમાં અનુકૂળ થઈ જવાની ને તેમાં ડૂબી જવાની સહજ શક્તિ છે પરિણામે જીવન જીવવા જેવું બને છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે માણસ જૂનાને તદ્દન ભૂલી જાય તે સારું છે. જૂનાના સાર ભાગ અને જીવનના પ્રેરકબળને તે યાદ રાખે તે જરૂરી છે. બાકી પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન થવાની કળા તેણે શીખવી જ જોઈએ. ડાહ્યા માણસો મરણ સામે પણ સ્મિત કરવાનું એટલા જ માટે કહે છે કે મરણ દેખીતી રીતે અશુભ અને અનિષ્ટકારક લાગે છે છતાં તેની પાછળ નવી સૃષ્ટિ ઊભેલી છે અને એમાં પ્રવેશવા માટે જન્મરૂપી પાસપોર્ટ આપવામાં તે સહાયક થઈ પડે છે.

પરંતુ લાંબા અનુભવ ને તાલીમ પછી જ એ સત્યની સમજ પડે છે. બાળપણમાં મારામાં એ સમજનો અભાવ હોય એ દેખીતું છે. તેથી શરૂઆતમાં મને થોડો વખત સંસ્થામાં ગમેલું નહીં.

મુંબઈનું પાણી ઘણાને લાગે છે તેમ શરૂઆતમાં મને પણ લાગ્યું ને મને પણ ખસ થઈ. એક વાર બીમારી પણ આવી ગઈ. સંસ્થામાં કાયમી દવાખાનું હતું ને કંપાઉન્ડર કાયમ રહેતા. રવિવાર સિવાય રોજ સાંજના દાક્તર આવતા. તેથી વિદ્યાર્થીઓને ઘણી રાહત રહેતી. બરાબર

ઉપચાર કરવાથી થોડા જ દિવસમાં મને ને બીજાં બાળકોને ખસ મટી ગઈ.

આગળ ઉપર મેં કહ્યું જ છે કે અમારા આશ્રમમાં ગૃહપતિ અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ બહુ જ મીઠો ને નિકટનો ન હતો.

એક વરસે એક બીજો જ પ્રસંગ બન્યો. એક નવા ગૃહપતિ આવ્યા જે સ્વભાવે સારા ને શિક્ષિત હતા. તેમણે સંસ્થામાં થોડા સુધારા પણ કરી દીધા છતાં વિદ્યાર્થીઓમાં આગળ જતાં તેમના તરફ અસંતોષ ઊભો થયો. એક વાર તે બીમાર પડ્યા. દાક્તરી સારવારનો આશ્રય લીધો છતાં આરામ ન થઈ શક્યો. બીમારી ભયંકર હતી ને દાક્તરનો નિર્ણય સાંભળી ઘરનાં સભ્યો શોકમાં પડી ગયા.. સંસ્થાનું વાતાવરણ કરુણ બની ગયું.

તે વખતે મને એક વિચાર સૂઝ્યો. પ્રાર્થનાની શક્તિનો મને પૂરેપૂરો અનુભવ ન હતો પણ સાધારણ ખ્યાલ તો હતો જ. માનવજીવનને પવિત્ર કરવામાં, ઘડવામાં ને પ્રભુ-પરાયણ બનાવવામાં પ્રાર્થના કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તેનો મને ખ્યાલ હતો. સંતપુરુષોના જીવનના વાચનથી મને પ્રાર્થના પર પ્રેમ થયેલો, એટલે સ્વાભાવિક રીતે જ મને થયું કે ગૃહપતિને આરામ થાય તે માટે પ્રાર્થનાનો આધાર પણ લેવો જોઈએ. મતલબ કે સંસ્થાનાં બાળકોએ ભેગા મળીને ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ.

પ્રાર્થનાની ભાવના તો જાગૃત થઈ પણ વિદ્યાર્થીઓ અને ગૃહપતિ વચ્ચેના સંબંધનો વિચાર કરતાં મારી ભાવ-નાનો અમલ વિદ્યાર્થીઓ ભાગ્યે જ કરશે એમ લાગતું. છતાં એક દિવસ મેં મારો વિચાર સાંજની પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યો. મેં કહ્યું "સંસ્થાનાં બાળકો તરીકે આપણી



ફરજ છે કે સંચાલકોનું ભલું ચાહવું. ગૃહપતિની બીમારી ભારે છે, તે દૂર થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. આપણાં સાચા ને સરળ હૃદયની પ્રાર્થના ઈશ્વર જરૂર સાંભળશે. ગૃહપતિનું આપણા તરફનું વર્તન સંતોષકારક ન હોય અને કેટલાકને એનો અણગમો હોય તે સમજી શકાય તેવું છે, પણ તે હકી-કતને આવે વખતે વચ્ચે આવવા દેવી ન જોઈએ. બીમારી ને મૃત્યુ સમયે માણસે બધા મતભેદ ભૂલી જઈને દયાળુ બનવું જોઈએ. આપણી પ્રાર્થના જ તેમને બચાવશે તેમ પણ નથી. બચાવનાર તો એક ઈશ્વર જ છે. આપણે તો આપણી નમ્ર ફરજ આ કરુણ પ્રસંગ ઊભો થયો છે ત્યારે બજાવીએ. એમ પણ બને કે ગૃહપતિને સંપૂર્ણ આરામ થતાં તેમને માટે આપણે કરેલી પ્રાર્થનાનો વિચાર કરીને તે આપણી સાથે સારો વ્યવહાર રાખે. ગમે તેમ પણ આજે આપણે એમને માટે પાંચ મિનિટ મનોમન પ્રાર્થના કરીએ કે ઈશ્વર એમને આરામ કરી દે ને વહેલામાં વહેલી તકે સંપૂર્ણ આરામ કરી દે."

વિદ્યાર્થીઓના મન પર શી અસર થઈ તે પ્રભુ જાણે પરન્તુ તેમની મુખાકૃતિ પરથી લાગતું હતું કે એમાનાં બધા-ને મારું કથન રુચિકર ન લાગ્યું. કેટલાક સમજુ વિદ્યાર્થી-ઓને મારી વાત સારી લાગી. કેટલાકને ન ગમી. કોઈને લાગ્યું કે આ રીતે પ્રાર્થના કરાવવા પાછળ ગૃહપતિના વિશેષ કૃપાપાત્ર બનવાની વૃત્તિ મારા મનમાં કામ કરી રહી છે. કોઈને એમાં ખુશામતની ગંધ આવી. પરન્તુ પોતાના ભાવ કોઈએ જાહેર કરવાની હિંમત ન કરી. મને કમને બધાં મૂંગા બેસી રહ્યા. પ્રાર્થના હોલમાં લાકડાનું મોટું સ્ટેજ હતું. મારું કથન પૂરું કરી હું તેના પર બેસી ગયો. મોટા ભાગના વિદ્યાર્થીઓએ પ્રેમપૂર્વક પ્રાર્થના કરી પણ ખરી.

પ્રાર્થનાની અસર થાય છે ખરી? મને લાગે છે કે હવે એ બાબતમાં સમજુ માણસોને સંદેહ નથી રહ્યો. અમારી

પ્રાર્થનાથી જો ગૃહપતિ સાજા ન થયા હોત તો શું અમારી શ્રદ્ધા, ભક્તિ ઈશ્વર પરથી ઊઠી જાત? ના. અમે ઈશ્વરની ઈચ્છામાં મંગલ માની સમાધાન મેળવત. પરંતુ ધાર્યું પરિણામ આવી ગયું. થોડા જ દિવસોમાં ગૃહપતિ સાજા થઈ ગયા. પ્રાર્થનાની વાત સાંભળી તેમને ખૂબ જ આનંદ થયો. તેમનું દિલ ભરાઈ આવ્યું. 'અનાથાશ્રમ'નાં બાળકો **તરફ** તેમનો દૃષ્ટિકોણ જરાક બદલાયો.

પછી તો વિદ્યાર્થીઓમાં પ્રાર્થના કરવાની પરિપાટી પ્રચલિત બની. મને આનંદ થયો. પરસ્પર પ્રેમ, ભ્રાતૃભાવ અને મીઠાશ વધે એવી સારી ટેવોથી કોને આનંદ ન થાય?

---

–ભલા, ઉચ્ચ. અને દિવ્ય વિચારોનો આદર કરો.
–ભલા બનો ભલું કરો.
–સત્યની ભાષા મૌન છે.
–દુઃખ અને મુશીબતના સમયે હિંમત ન હારો.
–શુભેચ્છા સહ.

મહેશ ડી. ભુવા

વડોદરા

---



# અમૃતબિંદુ ઉપનિષદ્

– શ્રી ઈશ્વરભાઈ પટેલ

भद्रं कर्णेभिः शृणुयाम देवाः भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँस्तनूभिः व्यशेम देवहितं यदायुः ॥

કલ્યાણકારી સુણીએ, પ્રભુ હે, કલ્યાણકારી નજરે નિહાળીએ!
આ દેહથી કીર્તન ગાઈ વીતો, આનંદથી આયુ તમે દીધેલું!

स्वस्ति नः इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्तार्क्ष्योऽरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

કલ્યાણ દો ઈન્દ્ર સદા યશસ્વી, સર્વજ્ઞ હે સૂર્ય કરો સુમંગલ!
હે પાપનાશી, શુભ હો ગરુડ, કલ્યાણ બૃહસ્પતિ દો અમોને!

मनो हि द्विविधं प्रोक्तं शुद्धं चाशुद्धमेव च ।
अशुद्धं कामसंकल्पं शुद्धं कामविवर्जितम् ॥ १

અશુદ્ધ શુદ્ધ એવું આ મન છે બે પ્રકારનું:
અશુદ્ધ કામનાવાળું, શુદ્ધ તો કામ મુક્ત છે!

मन एव मनुष्याणाम् कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्तं निर्विषयं स्मृतम् ॥ २

મુક્તિ બંધન લોકોના મનના કારણે અહીં —
વિષયાસક્તિથી બંધન, મુક્તિ નિર્વિષયે રહી!

यतो निर्विषयस्यास्य मनसो मुक्तिरिष्यते ।
अतो निर्विषयं नित्यं मनः कार्यं मुमुक्षुणा ॥ ३

વિષયોના ત્યાગથી મુક્તિ જેથી આ મનની કહી;
તેથી મન નિરાસક્ત રાખવું જ મુમુક્ષુએ!

निरस्तविषयासङ्गं संनिरुद्धं मनो हृदि[1] ।
यदाऽऽयात्यात्मनो भावं तदा तत्परमं पदम् ॥ ४

હૃદયે મનનો કાબુ અસંગ વિષયે કરી
આત્મભાવથી ત્યારે પદ પરમ લાવતું!

૧ અહીં હૃદય શબ્દનો વિશેષ રીતે ઉપયોગ થયો છે. શુદ્ધ ચૈતન્ય જ્યાં રહે છે તે સ્થાનને હૃદય માનવું.

तावदेव निरोद्धव्यं यावद्धृदि गतं क्षयम् ।
एतज्ज्ञानं च ध्यानं च शेषो न्यायश्च विस्तरः ॥ ५

હૃદયે મનની શક્તિ ઓગળે એક ભાવથી —
તે જ એ ધ્યાન ને જ્ઞાન, અન્ય પ્રલાપ જાણવો!

नैव चिन्त्यं न चाचिन्त्यं न चिन्त्यं चिन्त्यमेव तत् ।
पक्षपातविनिर्मुक्तं ब्रह्म संपद्यते तदा ॥ ६

ગમે કે ના ગમે એવું ત્યારે ન શોચવું ઘટે,
પક્ષપાત વિહોણું મન બ્રહ્મનું પદ પામતું!

स्वरेण संधयेद्योगमस्वरं भावयेत्परम् ।
अस्वरेणानुभावेन भावो वाऽभाव इष्यते ॥ ७

શબ્દ ને અર્થના ભાવે કરવો પાઠ ઓમનો,
નાદથી ભાવની વૃદ્ધિ બ્રહ્મભાવે પરિણમે!

तदेव निष्कलं ब्रह्म निर्विकल्पं निरंजनम् ।
तद् ब्रह्माहमिति ज्ञात्वा ब्रह्म संपद्यते ध्रुवम् ॥ ८

શુદ્ધ, નિશંક, નિરંજન બ્રહ્મ આત્મભાવથી
'તે જ છું બ્રહ્મ' જાણે તો પોતે બ્રહ્મ બની રહે!

निर्विकल्पमनन्तं च हेतुदृष्टान्तवर्जितम् ।
अप्रमेयमनादिं च यज्ज्ञात्वा मुच्यते बुधः ॥ ९



અનંતને, અનાદિને, નિશંક અપ્રમેયને
બુદ્ધિથી પર છે જાણી જ્ઞાનીઓ મોક્ષ મેળવે.

न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥ १०

નથી પરમાત્મને બંધન ન ઉત્પત્તિ નિરોધના
મુમુક્ષુ કે મોક્ષનો ભાવ લેશ ના સત્ય એ પરમ!

एक एवाऽऽत्मा मन्तव्यो जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
स्थान त्रय व्यतीतस्य पुनर्जन्म न विद्यते ॥ ११

જાગ્રત્સ્વપ્નસુષુપ્તિમાં આત્મા જુદો દિસે નહીં!
અતિક્રમે ત્રણેને તો પુનર્જન્મ રહે નહીં!

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥ १२

ચંદ્ર જેમ જલે દીસે એક હોવા છતાં ઘણો
તેમ આ એક આત્માયે દેખાતો સર્વ પ્રાણીમાં!

[1]घटसंवृतमाकाशं नीयमाने घटे यथा ।
घटो नीयेत नाऽऽकाशं तथा जीवो नभोपमः ॥ १३

ઘડાના નભના જેવી ગતિ છે આત્મની અહીં,
સ્થાનાંતર ઘડાનું હો નહીં કે નભનું કહીં!

૧ અનંત આકાશનું પ્રતિબિંબ ઘડામાં પડતું હોય છે તેને ઘડામાંનુ આકાશ તરીકે આપણે ઓળખવા પ્રયત્ન કરીએ છીએ. ઘડો ફૂટી જાય તો આકાશને કાંઈ થતું નથી. તે તો જેવું છે તેવું જ રહે છે. ઘડાને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવી શકાય છે પરંતુ આકાશ ફરતું નથી. તે જ રીતે આ શરીરમાં આત્મા કોઈ પણ સંજોગોમાં આકાશની માફક નિર્વિકાર અને અચલ રહે છે.

[1]घटवद्विविधाकारं भिद्यमान पुनः पुनः ।
तद्भग्नं न च जानाति स जानाति च नित्यशः ॥ १४

વાર વાર ઘડા જેવા રૂપને નાશ થાય તો
નભને જાણ ના તેની જાણે છે આત્મ નિત્ય જે!

૧ ઘડો અને તેમાં રહેલ આકાશની સરખામણી શરીર અને આત્મા સાથે કરવામાં આવી, પણ તે બે વચ્ચે જે મૂળભૂત તફાવત છે તે આ શ્લોકમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. આત્મા પોતે ચૈતન્યશીલ છે તેથી તે તટસ્થભાવે બધું જાણે છે જ્યારે આકાશ જડાંશ છે તેથી જાણતું નથી.

शब्दमायावृतो नैव तमसा याति पुष्करे ।
भिन्ने तमसि चैकत्वमेक एवानुपश्यति ॥ १५

ઘટાકાશ નહીં જાણે પોતે આભ અનંત તે
માયાથી તેમ ના જાણે એકતા જીવ બ્રહ્મની

शब्दाक्षरं परं ब्रह्म तस्मिन्क्षीणे यदक्षरं ।
तद्विद्वानक्षरं ध्यायेद्यदिच्छेच्छान्तिमात्मनः ॥ १६

ઇચ્છાથી આત્મશાંતિની વિદ્વાને આત્મભાવથી
ઓમ્ ને બ્રહ્મ જાણીને શબ્દાર્થં જપવું હટે!

द्वे विद्ये वेदितव्ये तु शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ॥ १५

શબ્દબ્રહ્મ, પરબ્રહ્મ, વિદ્યા બેઉ પ્રકારની
શબ્દબ્રહ્મ થકી પામે પરબ્રહ્મ મુમુક્ષુઓ!

ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्परः ।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥ १८



ધાનના છોડને ત્યાગે જેમ ધાન મળ્યા પછી
ગ્રંથાભ્યાસ પછી ત્યાગે વિદ્વાન તેમ ગ્રંથને!

गवामनेकवर्णानां क्षारस्यप्येकवर्णता ।
क्षीरवत्पश्यते ज्ञानं लिङ्गिनस्तु गवां यथा ॥ १९

અનેક રંગની ગાયો ને રંગ એક દૂધનો:
જ્ઞાન તો દૂધના જેવું, ગાયની જેમ ગ્રંથ છે!

घृतमिव पयसि निगूढं भूते भूते वसति विज्ञानम् ।
सततं मन्थयितव्यं मनसा मन्थान भूतेन ॥ २०

જેમ ઘી દૂધ માંહે છે આત્મ તેમ શરીરમાં,
મનોમંથનથી નિત્યે પામવું પ્રાણીમાત્રમાં!

ज्ञाननेत्रं समादाय उद्धरेद्वह्निवत्परम्[1] ।
निष्कलं निश्चलं शान्तं तद्ब्रह्माहमिति स्मृतम् ॥

અગ્નિની જેમ આત્માને જગાડો જ્ઞાનમંથને,
અખંડ, સ્થિર ને શાંત બ્રહ્મ તે હું સ્મરી સ્મરી!

૧ યજ્ઞમાં લાકડાના ટૂકડાને ઘસી અગ્નિ પેટાવવામાં આવે છે તેમ મનોમંથનથી, ચિંતન, મનન ને નિદિધ્યાસનથી, જ્ઞાન જાગૃત થાય છે અને તે વડે સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે છે.

सर्वभूताधिवासं यद्भूतेषु च वसत्यपि ।
सर्वानुग्राहकत्वेन तदस्म्यहं वासुदेवः
तदस्म्यहं वासुदेव इति ॥ २२

વસે જે સર્વ ભૂતોમાં, સર્વ ભૂત જેની મહીં
તે વાસુદેવ હું છું રે તે જ હું વાસુદેવ છું!

॥ इत्यथर्ववेद अमृतबिन्दूपनिषत्समाप्ता ॥

[1]घटवद्विविधाकारं भिद्यमान पुनः पुनः ।
तद्भग्नं न च जानाति स जानाति च नित्यशः ॥ १४

વાર વાર ઘડા જેવા રૂપનો નાશ થાય તો
નભને જાણ્ ના તેની જાણે છે આત્મ નિત્ય જે!

१ ઘડો અને તેમાં રહેલ આકાશની સરખામણી શરીર અને આત્મા સાથે કરવામાં આવી, પણ તે બે વચ્ચે જે મૂળભૂત તફાવત છે તે આ શ્લોકમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. આત્મા પોતે ચૈતન્યશીલ છે તેથી તે તટસ્થભાવે બધું જાણે છે જ્યારે આકાશ જડાંશ છે તેથી જાણતું નથી.

शब्दमायावृतो नैव तमसा याति पुष्करे ।
भिन्ने तमसि चैकत्वमेक एवानुपश्यन्ति ॥ १५

ઘટાકાશ નહીં જાણે પોતે આભ અનંત તે
માયાથી તેમ ના જાણે એકતા જીવ બ્રહ્મની

शब्दाक्षरं परं ब्रह्म तस्मिन्क्षीणे यदक्षरं ।
तद्विद्वानक्षरं ध्यायेद्यदिच्छेच्छान्तिमात्मनः ॥ १६

ઇચ્છાથી આત્મશાંતિની વિદ્વાને આત્મભાવથી
ઓમ્ ને બ્રહ્મ જાણીને શબ્દાર્થ જપવું હદે!

द्वे विद्ये वेदितव्ये तु शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ॥ १५

શબ્દબ્રહ્મ, પરબ્રહ્મ, વિદ્યા બેઉ પ્રકારની
શબ્દબ્રહ્મ થકી પામે પરબ્રહ્મ મુમુક્ષુઓ!

ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्परः ।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥ १८



ધાનના છોડને ત્યાગે જેમ ધાન મળ્યા પછી
ગ્રંથાભ્યાસ પછી ત્યાગે વિદ્વાન તેમ ગ્રંથને!

गवामनेकवर्णानां क्षीरस्यप्येकवर्णता ।
क्षीरवत्पश्यते ज्ञानं लिङ्गिनस्तु गवां यथा ॥ १९

અનેક રંગની ગાયો ને રંગ એક દૂધનો :
જ્ઞાન તો દૂધના જેવું, ગાયની જેમ ગ્રંથ છે!

घृतमिव पयसि निगूढं भूते भूते वसति विज्ञानम् ।
सततं मन्थयितव्यं मनसा मन्थान भूतेन ॥ २०

જેમ ઘી દૂધ માંહે છે આત્મ તેમ શરીરમાં,
મનોમંથનથી નિત્યે પામવું પ્રાણીમાત્રમાં!

ज्ञाननेत्रं समादाय उद्धरेद्वह्निवत्परम्[1] ।
निष्कलं निश्चलं शान्तं तद्ब्रह्माहमिति स्मृतम् ॥

અગ્નિની જેમ આત્માને જગાડો જ્ઞાનમંથને,
અખંડ, સ્થિર ને શાંત બ્રહ્મ તે હું સ્મરી સ્મરી!

१ યજ્ઞમાં લાકડાના ટૂકડાને ઘસી અગ્નિ પેટાવવામાં આવે છે તેમ મનોમંથનથી, ચિંતન, મનન ને નિદિધ્યાસનથી, જ્ઞાન જાગૃત થાય છે અને તે વડે સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે છે.

सर्वभूताधिवासं यद्भूतेषु च वसत्यपि ।
सर्वानुग्राहकत्वेन तदस्म्यहं वासुदेवः
तदस्म्यहं वासुदेव इति ॥ २२

વસે જે સર્વ ભૂતોમાં, સર્વ ભૂત જેની મહીં
તે વાસુદેવ હું છું રે તે જ હું વાસુદેવ છું!

॥ इत्यथर्ववेद अमृतबिन्दूपनिषत्समाप्ता ॥

# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

પ્રશ્ન : આજના યુગમાં ઈશ્વરદર્શન થઈ શકે ખરું ? તે માટે શી સાધના કરવી જોઈએ ?

ઉત્તર : જરૂર થઈ શકે. પરન્તુ તે માટે પ્રમાણિક પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી ઈશ્વરને મેળવવાની તીવ્ર ઇચ્છા આપણામાં જાગી નથી, ત્યાં સુધી ઈશ્વર આપણને મળતા નથી. ઈશ્વરપ્રાપ્તિ માટે ઉત્કટ ઇચ્છા જાગે, તે માટે કોઈ પણ પ્રયાસ કરે, રડે ને પ્રાર્થે, તો ઈશ્વર તેને જરૂર મળે. પરન્તુ એટલી ઉત્કટતા આજે માણસમાં ક્યાં દેખાય છે ? એટલે ઈશ્વર ન મળવાનું કારણ આમાં જ રહેલું છે.

જ્યાં સુધી ઈશ્વર વિના માણસને બીજા પદાર્થોની જરૂર છે, તેમને પ્રાપ્ત કરવામાં રાતદિવસ તે જાગી દોડધામ કરે છે, તેટલી દોડધામ ઈશ્વર પ્રાપ્તિ માટે કરવાની તેની તૈયારી છે ખરી ?

ઈશ્વરપ્રાપ્તિ માટે હૃદય શુદ્ધિની આવશ્યકતા છે, જ્યારે આજે માણસના હૃદયમાં વિકાર ને વાસનાઓએ ઘર કરેલું છે. આવા વાસના ને વિકારોથી કલુષિત હૃદયમાં ઈશ્વર ક્યાંથી ઊતરી શકે ? એટલે સૌ પ્રથમ હૃદયને સાફ કરીને પ્રભુ માટે ખાલી કરવું જોઈએ. તે પછી પ્રેમના સૂરથી પ્રભુને આમંત્રણ આપવું જોઈએ. પ્રેમ વિના પ્રભુ આવતા નથી.

વળી પ્રભુને માટે રાતદિવસ કોણ બેચેન બને છે ? સંસારની ચિન્તામાં માણસને ઊંઘ પણ નથી આવતી, રાતે સ્વપ્નોમાં પણ એનાં જ દૃશ્યો દેખાય છે.

પરન્તુ ઈશ્વરની ચિન્તામાં કોઈ દિવસ ઊંઘ ના આવી હોય એવું બન્યું છે ખરું ? ઈશ્વરદર્શનના પિપાસુ ભક્તો



ઈશ્વરના વિરહમાં દિવસો સુધી સુખે સૂઈ શકતા નથી. તમારી એવી સ્થિતિ થઈ છે ખરી ? કોઈ સ્નેહીનું મૃત્યુ થતાં માણસ રડવા, કૂટવા માંડે છે, તેને ખાવાનું ગમતું નથી, બધે અકારું અકારું લાગે છે, ને આપઘાત કરવા તૈયાર થઈ જાય છે. પરંતુ ઈશ્વરને માટે એકવાર પણ રડવું આવ્યું ખરું ? ખાવાપીવાનું નીરસ લાગ્યું ખરું ? શરીરનો ભોગ આપવા ઇચ્છા થઈ ખરી ? ઈશ્વરદર્શન વિના જીવન ભારરૂપ લાગ્યું ખરું ? તો પછી આપણને ઈશ્વર મળે ક્યાંથી ?

આપણે તો સંસારના વિષયોમાં આનંદ કરીએ છીએ. ઇન્દ્રિય સુખોમાં આનંદ માનીએ છીએ. પરન્તુ તે વિનાશી છે એમ સમજી, અવિનાશી ઈશ્વરને મેળવવા કમ્મર કસતા નથી. ઈશ્વર માટેની સાચી ભૂખ આપણને લાગી નથી. પછી તે આપણને ક્યાંથી મળે ? જો એક વાર આપણામાં ઈશ્વર માટેની સાચી ભૂખ જાગી જાય તો ઈશ્વર આપણાથી દૂર રહી નહિ શકે. આપણને પ્રેમપૂર્વક જરૂર મળશે, એ નક્કી છે.

૧૯૪૫માં હું દક્ષિણેશ્વર ગયેલો. ત્યાં શ્રી રામકૃષ્ણદેવના ઓરડામાં બેસતાંવેંત મારી દશા વિચિત્ર થઈ જતી. નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડાતું. કલાકો સુધી આવું એકધારું રુદન ચાલતું. મંદિરના પૂજારી તેમજ બીજા માણસો ભેગા થઈ જતા. તેમણે આવો વિચિત્ર માણસ જોયો ન હતો. આ રુદનનો આનંદ અજબ છે. અરે, તેનું એક જ આંસુ અતિ પાવનકારી છે. એ આંસુ જો માણસ પાડી જાણે, તો ઈશ્વર તેના પ્રેમદોરે જરૂર બંધાઈ જાય; ને પોતે તેનો ઋણી બને. પણ આપણામાં ઈશ્વર માટેનો આવો તનમનાટ ક્યાં છે ? શ્રી ચૈતન્ય મહાપ્રભુ, શ્રી રામકૃષ્ણદેવ, મીરા, તુકારામ, તુલસીદાસ જેવો પ્રેમ– તેના સોમા ભાગનો પણ પ્રેમ આપણામાં ક્યાં છે ? પછી આપણને ઈશ્વર ક્યાંથી મળે ? ઈશ્વર માટેની તીવ્ર ઇચ્છા ને તે માટેનો પરમ પ્રેમ જગાવવાથી ઈશ્વર

જરૂર મળી શકે છે. આજ લગી એ જ રીતે ઈશ્વર સહુને મળ્યા છે.

પ્રશ્ન : સ્ત્રીઓ જ્યારે માસિક ધર્મમાં હોય ત્યારે તેમનાથી જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય થઈ શકે ખરાં ?

ઉત્તર : મારું માનવું એવું છે કે માસિક ધર્મના દિવસોમાં પણ જપ, ધ્યાન, પ્રાર્થના કે સારા ગ્રંથનું વાંચન થઈ શકે. જ્યારે આપણે સમજીએ છીએ કે જીવનની પ્રત્યેક પળ મૂલ્યવાન છે અને તેનો સદુપયોગ ઈશ્વર પ્રીત્યર્થે થવો જોઈએ, ત્યારે આ બધી ક્રિયાઓ સત્કર્મના ભાગરૂપ હોવાથી, એમનો ત્યાગ કરવો ઈચ્છનીય નથી.

પવિત્ર તીર્થમંદિરો, ઉપાસના કે પૂજા જ્યાં આપણે બાહ્ય શારીરિક શુદ્ધિની આવશ્યકતા માનતા હોઈએ, અનુષ્ઠાન કે વેદમંત્રો જેવી ધાર્મિક ક્રિયાઓ કરતા હોઈએ ત્યારે પરંપરાને માન આપી તે બંધ રાખી શકાય. બાકી માનસિક પૂજા કરવામાં કશી જ હરકત નથી ને ન હોવી જોઈએ, એમ હું માનું છું

યોગના આસનો તથા પ્રાણાયામ જેવી ક્રિયાઓમાં શારીરિક પરિશ્રમ થોડો વધારે પડતો હોઈ, એ દિવસો દરમ્યાન એવી ક્રિયાઓ ના કરવી હિતાવહ છે, માસિક ધર્મના દિવસોમાં શારીરિક આરામની થોડી વધારે જરૂર રહે છે.

ઈશ્વરસ્મરણ કરવું એ એક સત્કર્મ છે, અને સત્કર્મનો ત્યાગ તો જીવનમાં કદાપિ ન કરાવો જોઈએ. એવો મારો અભિપ્રાય છે. આથી ભિન્ન મત બીજાઓનો હોઈ શકે છે.

પ્રશ્ન : અનુષ્ઠાનોથી આત્મોન્નતિ થઈ શકે ખરી ?

ઉત્તર : એનો આધાર મુખ્યત્વે કયા હેતુથી અનુષ્ઠાન કરવામાં આવે છે, તેના ઉપર રહેલો છે. જો સાધક આત્મો-



ન્નતિની ભાવનાથી અનુષ્ઠાન કરતો હશે તો, તેનાથી તેને લાભ અવશ્ય થશે. પરન્તુ જો તે કેવલ લૌકિક હેતુઓની પૂર્તિ કે પ્રાપ્તિ માટે જ અનુષ્ઠાન કરતો હશે, તો તેનાથી તેને આત્મોન્નતિના માર્ગમાં લાભ થવાનો સંભવ નથી. આત્મોન્નતિના ઉચ્ચ ધ્યેયને નજર સમક્ષ રાખી, અનુષ્ઠાન કરનાર માણસો બહુ જ ઓછા જોવામાં આવે છે. આવા શુદ્ધ હેતુથી પ્રેરાઈને અનુષ્ઠાન કરનાર સાધકને જીવનમાં આંતરિક શુદ્ધિ, ઈંદ્રિયો ઉપરનો સંયમ, ઈશ્વર કે ઈષ્ટ દેવતા ઉપરનો પ્રેમ વગેરે પ્રાપ્ત થાય છે. એથી આત્મોન્નતિની સાધનાની દિશામાં તેની પ્રગતિ અવશ્ય થાય છે.

બાકી સમાજમાં આજે મોટે ભાગે લૌકિક હેતુઓની પૂર્તિ માટે અનુષ્ઠાનો કરવામાં કે કરાવવામાં આવતાં જોવામાં આવે છે. આવા લૌકિક હેતુઓમાં ધન, ઐશ્વર્ય, સત્તા, પદની પ્રાપ્તિ, રોગ નિવારણ, કોર્ટકેસોનો નિકાલ, શત્રુઓનો પરાજય, ઈચ્છિત લગ્ન કે પુત્ર પ્રાપ્તિ વગેરેનો સમાવેશ થાય છે.

સત્ય મેળવવાની કિંમત ચૂકવવી પડે છે અને તે કિંમત તે સત્ય બનવું તે છે. સત્યમય બન્યા વિના સત્ય પમાતું નથી. સત્ય બનતાં પહેલાં અસત્યના સઘળા વાઘાઓ ઉતારવા પડે છે, પ્રત્યેક નબળાઈઓ સાથે ટકરાવું પડે છે.

# "રામકથાનું આધ્યાત્મિક રહસ્ય"

શ્રી યોગેશ્વરજી

પુણ્યસલિલા ભગવતી ભાગીરથીના પવિત્ર પ્રવાહ પેઠે રામકથાનો પુનિત પ્રવાહ પ્રજાના પ્રાણને પાવન કરતો પરંપરાગત વરસોથી વહે છે. પ્રજા એમાં શક્તિ, સુરુચિ ને સમય પ્રમાણે સ્નાન કરે છે અને આનંદ અનુભવે છે. રામકથાના એ રસમય, પુનિત પ્રવાહના પુરસ્કર્તા મહર્ષિ વાલ્મીકિ હતા. પરંતુ સ્વર્ગીય વાતાવરણમાં વહેનારી ગંગાને સાગરના સાઠ હજાર પુત્રોના પરિત્રાણ માટે પૃથ્વી પર પ્રવાહિત કરનાર ભગીરથની જેમ સંત તુલસીદાસે એ કથાપ્રવાહને ફરીથી વહેતો કર્યો. એ ભારતીય સંસ્કૃતિના મહાન ભગીરથ થયા, અને મહર્ષિ વાલ્મીકિની રામકથાને લોકભોગ્ય ભાષામાં વહેતી કરી. પરિણામે ન જાણે કેટલા લોકોનાં જડ જીવનમાં પ્રકાશ પથરાયો, કેટલા જીવોને સનાતન સુખ, શાશ્વત શાંતિ સાંપડી. કેટકેટલા, જીવોની તૃષા ટળી ગઈ' અને કેટકેટલા જીવંત છતાં મૃત જેવા, દુર્ગતિપ્રાપ્ત જીવોનો ઉદ્ધાર થયો! રામકથાનો એ પુનિત પ્રવાહ વરસો વહેતાં જાય છે તોપણ એવો જ અખંડ, અનેક આત્માઓને આનંદ આપતો, એમના પર અમી વર્ષા કરતો અને એમને ઈશ્વરાભિમુખ બનવાનું બળ ધરતો વહ્યા કરે છે. ભગવતી ભાગીરથીના પુનિત પ્રવાહની પેઠે એ પ્રવાહ પણ અપાર્થિવ, અલૌકિક, અક્ષય, અજર અમર છે. કાકપ્રકૃતિના લોકો એમાં સ્નાન કરીને ભક્ત શિરોમણિ તુલસીદાસના શબ્દોમાં કહીએ તો કોયલ જેવા મધુર વૃત્તિવાળા બને છે, ને બક જેવા બેવડી વૃત્તિવાળા જીવો હંસના જેવી સાત્ત્વિક વૃત્તિથી સંપન્ન થઈને શુભાશુભનો તેમ જ સત્યાસત્યનો વિવેક કરનારા થઈ રહે છે. રામકથાના એ પુનિત પ્રવાહે ભારતની સાંસ્કૃતિક એકતાને



અકબંધ રાખવામાં, સુદૃઢ કરવામાં, ને ભારતીય પ્રજાને ઉત્તમ પ્રકારના સામાજિક જીવનના આદર્શથી સુપરિચિત કરીને એ આદર્શની દિશામાં આગળ વધવામાં અને એને આત્મસાત્ કરવાની શક્તિ પ્રદાન કરવામાં જે મોટો, મહત્ત્વનો, મહામૂલ્યવાન ભાગ ભજવ્યો છે, એનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

રામકથાના એ પાવન પ્રવાહનો પરિચય નહિ કર્યો હોય એવી વ્યક્તિઓ પણ આ વિશાળ દેશમાં નથી એવું નહિ કહી શકાય. રામકથાનો સુધામય સ્વાદ ના ચાખ્યો હોય તેવા માનવો પણ આ દેશમાં મળી આવશે, છતાં પણ એવા થોડા અપવાદોને બાદ કરતાં એટલું અવશ્ય કહી શકાય અને એવું કહેવામાં અતિશયોક્તિ નહિ જ થાય કે આ દેશની જનતા સામાન્ય રીતે એ કથાને જાણે છે, અને એનાથી સુપરિચિત નહિ હોય તોપણ કાંઈક અંશે પરિચિત તો છે જ. રામકથાનો ઉપલક અથવા સંક્ષિપ્ત પરિચય તો બધાને છે. એ પરિચય અને એ પરિચય જેના પર નિર્ભર છે તે કથા પ્રમાણે અયોધ્યાના રાજા દશરથને કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા ત્રણ પત્નીઓ હતી ને રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ચાર પુત્રો હતા. રામ, સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા. ત્યાં પંચવટીમાંથી રાવણે સીતાનું હરણ કર્યું. રામે સમુદ્ર પર સેતુ બાંધીને રાવણનો નાશ કર્યો, સીતાની મુક્તિ કરી, અને અયોધ્યામાં આવ્યા એટલે પ્રજાએ એમનો રાજ્યાભિષેક કર્યો. રામાયણ અથવા રામકથાનો એટલો સારભાગ તો લગભગ સૌ કોઈ જાણે છે.

પરંતુ રામાયણ અથવા રામકથાનો એ સારભાગ શાંતિથી વિચારવા જેવો છે. એને શાંતિથી વિચારીએ તો એક નવી જ દૃષ્ટિની પ્રાપ્તિ થઈને પાર વિનાનો લાભ થાય તેમ છે. જે રામકથા આપણે ત્યાં વરસોથી વહેતી આવે છે

તે તો સાચી છે, ઐતિહાસિક છે, અને આશીર્વાદરૂપ છે જ, પરંતુ તેમાં સમાયેલો સાર પણ ખાસ સમજવા જેવો છે.

રામકથા અત્યંત અદ્ભુત, અનેરી અને રહસ્યમયી હોવાથી એના પતિત પાવન પ્રવાહમાં સ્નાન કરતાં કરતાં એનું એક બીજું તત્ત્વજ્ઞાન વિષયક સૂક્ષ્મ રહસ્ય પણ આપણી આગળ પ્રગટ થાય છે. એ રહસ્ય કેવું છે તે કલ્પી શકો છો? લો ત્યારે કહી બતાવું. અયોધ્યા પ્રત્યેક જીવનું પોતાનું મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ સ્વરૂપ નિર્મળ, નિષ્કલંક, એકરસ, અખંડ અલૌકિક અને આનંદમય છે. જીવ એ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈને ત્યાં રાજ્ય કરે છે. શિવસ્વરૂપ એ જીવ દશરથ બને છે એટલે દેહમાં દાખલ થાય છે. દસ ઈન્દ્રિયોના ઘોડાવાળા આ શરીરરૂપી રથમાં બેઠેલો દશરથરૂપી જીવ પોતાને પ્રાપ્ત થયેલા મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપ તથા સુખનો ઉપયોગ કરે છે. પરંતુ કરુણતા એ છે કે એ કુંવારો અથવા એકલો નથી રહેતો, એકલા રહેવાનો એનો સ્વભાવ જ ના હોય એમ એ ત્રણ સ્ત્રીઓ સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. એ ત્રણ સ્ત્રીઓ બીજી કોઈ નહિ પરંતુ પ્રકૃતિના ત્રણ ગુણો સત, રજ અને તમ છે. એ ત્રણ ગુણોના પ્રબળ પ્રેમપાશમાં બંધાયેલો જીવ સલામત અને સુખી કેવી રીતે રહી શકે તથા સદાય સારુ પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિતિપણું શી રીતે કરી શકે?

એ દશરથરૂપી જીવને ત્રિગુણાત્મિક પ્રકૃતિની મદદથી ચાર પુત્રો થાય છે. ત્રિગુણાત્મિકા પ્રકૃતિના એ પુત્રોનું વર્ણન ગીતાના ચૌદમા અધ્યાયમાં કરતાં પ્રકારાન્તરે કહેવામાં આવ્યું છેઃ

સત્ત્વાત્સંજાયતે જ્ઞાનં, રજસો લોભ એવ ચ;
પ્રમાદમોહૌ તમસો, ભવતો અજ્ઞાનમેવ ચ.



સત્ત્વગુણની વૃત્તિથી જ્ઞાનનો અને એના પરિણામે આનંદ અથવા આરામનો ઉદય થાય છે. રજોગુણની વૃત્તિથી કર્મપરતા કે લોભ વધે છે, અને તમોગુણની ત્રીજી વૃત્તિથી અજ્ઞાન ઘેરી વળે છે, કર્તવ્યમાં પ્રમાદ થાય છે તથા મોહ જાગે છે. સત્ત્વગુણની વૃત્તિ કૌશલ્યાથી દશરથરૂપી જીવને જ્ઞાન, આનંદ કે આરામ મળ્યો; રજોગુણની વૃત્તિ સુમિત્રાથી કર્મધર્મપરાયણ, સેવાવૃત્તિના લોભી લક્ષ્મણની પ્રાપ્તિ થઈ; અને તમોગુણની મોહ, અજ્ઞાન તથા કર્તવ્ય પ્રત્યેના પ્રમાદવાળી વૃત્તિ કૈકેયીથી કર્તવ્યપાલનમાં અપ્રમાદવાળાં અને ધર્માનુષ્ઠાનના મોહવાળા ભરત અને શત્રુઘ્નનો લાભ થયો.

પરંતુ એક વૃત્તિના બંધનમાં પડેલો જીવ પણ સુખી નથી થતો કે શાંતિ નથી મેળવતો, તો ત્રણ ત્રણ વૃત્તિના બંધનમાં બંધાયેલો પરાધીન જીવ તો સુખ-શાંતિ મેળવી શકે જ કેવી રીતે? જ્યાં સુધી ત્રણે ગુણવૃત્તિઓ પર અધિકાર રહ્યા ને ત્રણે ગુણવૃત્તિનું સ્વરૂપ સરખું રહ્યું ત્યાં સુધી તો એ સુખી રહ્યો, પરંતુ તમોગુણની વૃત્તિનું વર્ચસ્વ વધી જતાં એ સુખ અદૃશ્ય થઈ ગયું અને એની દશા અતિશય કરુણ કે કફોડી થઈ પડી. તમોગુણની વૃત્તિનું વર્ચસ્વ વધી પડતાં જીવ આનંદ, જ્ઞાન અથવા આરામનો અનુભવ કેવી રીતે કરી શકે? એનાથી એને વંચિત જ થવું પડે. જ્ઞાનની સાથે સદાય એની સહચરી બનીને રહેનારી શાંતિરૂપી સીતા પણ પછી એની સાથે ભાગ્યે જ રહી શકે. રામ સીતાની સાથે વનમાં ગયા એનું આધ્યાત્મિક રહસ્ય એ જ છે. સેવાવૃત્તિવાળા કર્મયોગી લક્ષ્મણ પણ એમની સાથે ચાલી નીકળ્યા. દશરથરૂપી જીવ એમના વિયોગથી વ્યથિત થઈને ઝૂરવા માંડ્યો, મૃતપાય બની ગયો.

રામકથાનું એક રહસ્ય એ છે. બીજું પાછળની વનવાસની વાતનું રહસ્ય પણ એવી જ રીતે, પણ જુદા પ્રકારે સમજી શકાય છે. શાંતિની સીતાનું અહંકારરૂપી રાવણે હરણ કર્યું છે. રામ એ સનાતન શાંતિથી વંચિત થઈને એની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કરે છે. પરંતુ એ શાંતિ મળે કેવી રીતે? રામને અહીં જીવતત્ત્વના પ્રતિનિધિ તરીકે લઈએ તો સમજાય છે કે જીવને પોતાની સનાતન સંગિનીસમી શાંતિ ફરી સાંપડી શકે તે માટે તેણે અવિદ્યાના સાગરને તરી જવા માટે સદ્‌ગુરુની સહાયતાથી જ્ઞાન અથવા પ્રેમનો પવિત્ર સેતુ બાંધવાનો છે. જીવનમાં જો એવા સેતુની રચના થાય અને હનુમાન જેવા સાચા હિતેચ્છુ, માર્ગદર્શકની મદદ મળી જાય તો અહંકારરૂપી રાવણનો નાશ થાય ને શાંતિરૂપી સીતા પાછી આવી જાય. જીવ એને મેળવીને કૃતાર્થ બની જાય ને પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપરૂપી અયોધ્યા નગરમાં સ્વાનુભાવના સિંહાસન પર આસીન થાય. જીવ જ્યાં સુધી સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિત ન થાય ત્યાં સુધી મંગલમય ના બને ને બીજાનું પણ મંગલ ના કરી શકે.

રામકથાનો એટલો પાયાનો સંદેશ યાદ રાખીએ તો કેટલો બધો લાભ થાય! એના આટલા ઉપલક રહસ્યનું સ્મરણ કરીએ અને એને અનુસરતું જીવન જીવીએ તો એક યા આધ્યાત્મિક રીતે પણ કેટલી બધી ઉપકારક પુરવાર થાય ને કેટલી ઉપયોગી બની જાય?

❀



# હિંદુધર્મમાં લગ્નભાવના

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

મોક્ષ એટલે આત્મસાક્ષાત્કાર. હિંદુધર્મ કહે છે "માણસ એકલા અન્નથી નથી જીવતો, તેમ જ તેનાં કામ, સંપત્તિ, આકાંક્ષા, સત્તા કે બહારની કુદરત સાથેના સંબંધથી પણ નથી જીવતો. તે આધ્યાત્મિક જીવનથી જીવે છે; અથવા તેણે જીવવું જોઈએ. મોક્ષ એટલે આત્માની સંસારની પાશમાંથી વિમુક્તિ. આપણી અંદર રહેલા જીવાત્માની પરમાત્માના અંતરમાં વિલીનતા. અંતિમ સંતોષ આનાથી જ મળી શકે છે, અને બીજી સર્વ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ આ અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવાનો હોય છે.

આ મુક્તિ મેળવવાના માર્ગો વિષે હિંદુ વિચારકે બહુ ઉદારતાનું વલણ ધારણ કરેલું છે "જેમ આકાશમાં પંખીઓ, ને જેમ જળમાં માછલાં પગલાંની કશી નિશાની મૂકયા વિના વિચરે છે, તેમ જ્ઞાનવેત્તાઓ ઈશ્વરપ્રાપ્તિને પંથે વિચરે છે."

મોક્ષ પ્રાપ્તિના ત્રણ માર્ગો ગણાવવામાં આવ્યા છે: જ્ઞાન, ભક્તિ અને કર્મ અથવા સેવા. એ એકબીજાથી અલગ અસ્પષ્ટ નથી. પણ તે માર્ગમાં જે વસ્તુ પ્રધાન છે, તેનું સૂચન કરે છે. જ્ઞાનનો અર્થ બુદ્ધિની તીવ્રતા કે વાદવિવાદ કરવાની શક્તિ નથી. અહીં જ્ઞાનનો અર્થ સિદ્ધ થયેલો અનુભવ છે– આપણે જ્યારે ઈશ્વરના સાંનિધ્યમાં રહીએ ત્યારે જ પાપમાંથી ઊગરી શકીએ છીએ. આપણામાં સાચું અંતરજ્ઞાન હોય તો સત્કર્મ તો આપોઆપ થયા જ કરે. સત્યથી સત્કર્મ કર્યા સિવાય રહેવાય જ નહિ. ભક્તિમાર્ગ ત્રણે માર્ગમાં સહુથી વધારે લોકપ્રિય છે, સંતો તેમજ પાપીઓ,

જ્ઞાની તેમ જ અજ્ઞાની, ડાહ્યા તેમ જ મૂર્ખ સહુને તે સહેલો લાગે છે. ભજન અને પ્રાર્થના, ઉપવાસ અને યજ્ઞ, યોગ અને આત્મપરીક્ષણ, એ સર્વનો ભક્તિમય જીવનમાં સમાવેશ થાય છે. ભક્તિ તેની પરાકાષ્ઠાએ પહોંચે ત્યાં જ્ઞાનની સાથે એકરૂપ થઈ જાય છે. અને એ બન્નેને પરિણામે સત્કર્મ અથવા સદાચારી જીવન નિષ્પન્ન થાય છે.

કર્મની વ્યક્તિગત તેમ જ સામાજિક એ બે બાજુઓ વચ્ચે અવિશ્લેષ્ય સંબંધ છે ને તે તાણાવાણાની પેઠે ઓતપ્રોત છે, છતાં વર્ણધર્મ જીવનની સામાજિક બાજુ પર ભાર મૂકે છે, અને આશ્રમધર્મ તેની વ્યક્તિગત બાજુ પર. બ્રહ્મચર્ય એટલે કેળવણીનો કાળ, ગાર્હસ્થ્ય ગૃહસ્થ તરીકે જગતની સેવા માટે કામ કરવાનો સમય, વાનપ્રસ્થ્ય એટલે સંસારનાં બંધનો ઢીલાં કરવાને લીધેલી નિવૃત્તિની અવસ્થા, અને સંન્યાસ એટલે સંસારના ત્યાગનો અને મુક્તિની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવાનો કાળ. આ ચાર આશ્રમ મળીને સૂચવે છે કે મનુષ્ય-જીવન એ ભિન્ન ભિન્ન અવસ્થાઓ વટાવીને અનંત જીવન સુધી પહોંચવાની એક યાત્રા છે.

પ્રથમ આશ્રમ તે શરીર અને મનનાં શિક્ષણ અને નિયમનનો છે. કુમળા કિશોરોને કર્તવ્યમય જીવનને માટે ઘડવામાં આવે છે. વિદ્યાર્થીને અમુક સમય ગુરુને ઘેર રહેવું પડે છે. ત્યાં તેને જીવનમાં પાછળથી ઉપયોગી થઈ પડે એવી કળાઓ ને એવાં શાસ્ત્રો શીખવવામાં આવે છે. સ્ત્રીઓને પણ બ્રહ્મચર્યનો અધિકાર પૂર્વે હતો. તેમને તેમના વર્ણ અનુસાર શિક્ષણ અપાતું અને તેમ થવાથી તેમનામાં ભીડને પ્રસંગે પોતાના વર્ણની જવાબદારીઓ ઉપાડી લેવાનું સામર્થ્ય આવતું, ભિન્ન રૂઢિઓવાળી પરજાતિની સ્ત્રીઓ સાથે વિવાહો થવા લાગ્યા, ત્યારે સ્ત્રીઓના વેદાધ્યયન પર અંકુશ મુકાયો.



બીજી અવસ્થા તે ગૃહસ્થાશ્રમ છે. સામાન્ય રીતે માણસ સ્વયંપૂર્ણ નથી હોતો. ઍરિસ્ટૉટલની કલ્પનાનો ઈશ્વર ભલે એકાકીપણું ભોગવતો હોય, પણ સંસારમાં વસતાં સ્ત્રીપુરુષો એમ એકાકી નથી રહી શકતાં. એમને સામાન્યપણે વિવાહિત જીવનમાં પ્રવેશવાનું ઉત્તેજન આપવામાં આવે છે. જે વાસનાઓની તૃપ્તિ છડેચોક ને અનિયંત્રિતપણે થતી હોય તેના પરિણામ કરતાં દબાયેલી ને તેથી અતૃપ્ત રહેલી વાસનાઓનું પરિણામ વધારે ભ્રષ્ટકર્તા હોય છે. એ જે વાત ફ્રોઈડ આજે યુરોપના લોકોમાં ફેલાવી રહ્યો છે, તે વાતની ભારતવર્ષને સેંકડો વરસથી જાણ હતી. જે માણસ વિવાહિત જીવનથી ભાગી જાય છે તે રણમાંથી પલાયન કરનારના જેવો છે. જીવનમાં નિષ્ફળ નીવડેલાઓ જ સત્કાર્ય કરવાના પ્રસંગો ટાળે છે. લગ્ન એ પવિત્ર વસ્તુ ગણાય છે. દેવો પણ પરણેલા હોય છે. હિંદુ ઉપાસક જ્યારે નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસનામાંથી હેઠો ઉતરી કોઈ સગુણ સાકાર દેવની પૂજા કરે છે, ત્યારે તેનાં દેવને હંમેશા પત્ની હોય છે જ. તે બ્રહ્મચારીને કે કુમારિકાને નથી પૂજતો. શિવજી અર્ધનારીશ્વર છે. એમની એ મૂર્તિમાં એક પડખું નરનું ને બીજું નારીનું હોય છે. અને એમની પ્રતિમા સૂચવે છે કે પરમાત્માના પુરુષત્વનાં અને સ્ત્રીત્વનાં કાર્યો વચ્ચે પરસ્પર સહકાર છે. પરસ્પરાવલંબન છે અને એ બે કાર્યો પૃથક્ પૃથક્ રહે તો અધૂરાં રહે છે, પણ સંયુક્ત થાય ત્યારે જ સંપૂર્ણ બને છે. સ્ત્રીપુરુષના કામજીવનમાં અનારોગ્ય કે અપરાધરૂપ કશું જ નથી. લગ્નની પ્રથા વડે એ જીવનને બૌદ્ધિક કે નૈતિક સહચારનો પાયો—મૂળ આધાર બનાવવામાં આવે છે. લગ્ન એ માનવી નબળાઈ ઉપર દયા લાવીને આપેલી છૂટ નથી, પણ આત્મવિકાસનું સાધન છે. વ્યક્તિત્વના વિકાસ માટે તેમ જ કૌટુમ્બિક એક આદર્શની ધારા અવિચ્છિન્ન રહે તે માટે લગનને ધર્મકાર્યરૂપ ગણાવેલું છે.

લગ્નની આ સામાજિક ઉપયોગિતા છે. દરેક કુટુમ્બ એ જીવતા ને મરેલાની વચ્ચે ભાગીદારીરૂપ છે. શ્રાદ્ધની ક્રિયાનો ઉદ્દેશ કુટુમ્બનાં માણસોનાં મન પર કૌટુમ્બિક એકતાની કલ્પના દૃઢપણે ઠસાવવાનો છે. એ ક્રિયાને અંતે શ્રાદ્ધ કરનાર કહે છે "હે પિતરો, મને વીર પુત્ર આપો."

હિંદુધર્મ આદર્શ લગ્નપ્રથાનાં વૈયક્તિક તેમ જ સામાજિક બન્ને અંગો ઉપર ભાર મૂકે છે. પુરુષ જાલિમ નથી ને સ્ત્રી દાસી નથી, પણ બન્ને એક ઉચ્ચતર આદર્શની સિદ્ધિને વરેલાં છે અને તેમની વૈયક્તિક વૃત્તિઓને તેમણે તે આદર્શ આગળ ગૌણ માનવાની છે. વિષયવાસનાને ઉચ્ચતર શ્રેણીએ ચઢાવી, વિશુદ્ધ બનાવી, તેનું રૂપાંતર આત્મવિલોપનમય ભક્તિમાં કરવામાં આવે છે. હિંદુ દંપતીને એકબીજાનો પ્રેમ લગ્નના આરંભમાં સિદ્ધ થયેલો નથી મળતો, એ પ્રીતિયોગ તો એમણે જીવનભરની સાધના વડે પ્રાપ્ત કરવાનો હોય છે. એકબીજાની સાથે અભિરુચિ ને સ્વભાવ, આદર્શ ને આસ્વાદો, બધી બાબતમાં, અભિન્નતાવાળાં સ્ત્રીપુરુષોનાં જોડાં નવલકથાઓનાં પાનાં સિવાય બીજે જોવા નથી મળતાં. એની વચ્ચે એવો કંઈક ભેદ તો હંમેશાં હશે જ, જેને ટાળી નહિ શકાય. અને ભેદોનો ઉપયોગ સુરીલું સંવાદી જીવન પેદા કરવા માટે કરવો એ લગ્નપ્રથાનું કામ છે. ઊભયનાં મનની ભિન્ન ભિન્ન વૃત્તિઓ ને વાસનાઓમાંથી પ્રયત્નપૂર્વક હૃદયની એકતા સાધવાની હોય છે આપણાં જીવનસાથીઓની બાબતમાં કંઈક પસંદગીનું તત્ત્વ હોય છે ખરું, પરન્તુ સારામાં સારાં લગ્નોમાં યદૃચ્છાનું પ્રમાણ મોટું હોય છે. આપણું જીવન જે ગૂઢ પાષાણનું બનેલું છે, તેમાંથી ગમે તેવી મૂર્તિ ઘડો, તોપણ નસીબ કે યદૃચ્છા—જે કહો તે—ની કાળી નસ તેમાં ફરી ફરીને દેખા દે જ છે. યદૃચ્છાએ મળેલાં સોબતીનું રૂપાંતર જીવનસંગીમાં કરે તે લગ્ન સફળ કહેવાય. લગ્ન એ મંથન



અને પુરુષાર્થની સમાપ્તિ નથી, એ કઠણ પરિશ્રમવાળા જીવનનો આરંભ માત્ર છે. ને એ જીવનમાં આપણે આપણા વ્યક્તિગત રસો ને વૃત્તિઓને ગૌણ બનાવી વિશાળ આદર્શની સિદ્ધિ માટે મથીએ છીએ. એક સમાન આદર્શની સાધના ગમે તેવા ભિન્ન સ્વભાવના માણસોને ભેગાં કરીને રાખી શકે છે, પ્રેમ તેનાં બલિદાનો માગે છે. સંયમ અને સહનશીલતા વડે આપણે પ્રેમને ઉચ્ચતર શ્રેણીએ ચડાવી તેને પરબ્રહ્મરૂપ બનાવીએ છીએ

# ચિત્તવૃત્તિનો નિરોધ—એટલે યોગ.

શ્રી યોગેશ્વરજી

જ્ઞાનયજ્ઞ બીજી બધી જાતના યજ્ઞોમાં શ્રેષ્ઠ છે, એમ ગીતાનું કહેવું છે, કારણકે માનવમન ને માનવજીવનની આમૂલ ક્રાંતિ કરવાની તેનામાં શક્તિ રહેલી છે.

આ યજ્ઞમાં કોડીનો પણ ખર્ચ કરવાની જરૂર પડતી નથી, છતાં તે વિચારોની દરિદ્રતા દૂર કરવાની તેમ જ સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિ પૂરી પાડે છે. ઉત્તમ વિચાર, ભાવ કે ઉચ્ચ કોટિનું જ્ઞાન, એક મોટી થાપણ બરાબર છે. તેનાથી જ જીવન સંવાદી, સુખી ને સમૃદ્ધ બને છે ને અન્તે તેના વડે જ શાંતિની સંપ્રાપ્તિ પણ થાય છે.

મહાપુરુષો ને ધર્મગ્રંથો આપણને કહે છે કે તમે પરમાત્માસ્વરૂપ છો. શરીર તમારું કપડું, આચ્છાદન કે ઢાંકણ માત્ર છે. તેનો જન્મ થયો તે પહેલાં પણ તમે આત્મારૂપે હતા, ને તે છૂટી જશે તે પછી પણ તમે તો રહેવાના જ છો.

તમારું શરીર એ ઘર સમાન છે ને તમે તેમાં રહેનારા કામચલાઉ ભાડુત છો. રખે, તમે એ ઘરને જ તમારી જાત

માની લેતા. શરીરની સમાપ્તિ સાથે તમારી સમાપ્તિ નથી થઈ જતી. તમે શરીરથી જુદા છો. આનંદ સ્વરૂપ છો. શાંતિના સાગરસમા છો. અમૃતમય ને અભેદરૂપ તથા જ્ઞાનરૂપ છો. બંધનો તમને હતાં નહિ, છે નહિ, ને કદી પણ બાંધી શકવાનાં યે નથી.

જ્ઞાનની આ વાતો સાંભળી કે વાંચીને આપણામાંના ઘણાંને નવાઈ લાગે છે, તો કેટલાકોને તે ટાઢા પહોરનાં ગપ્પાં જેવી લાગે છે.

આનું કારણ એ છે કે વાસ્તવિક જીવનમાં આપણે આ અનુભવી શકતા નથી. એટલે આપણને એમાં શ્રદ્ધા બેસતી નથી.

શાસ્ત્રો ને સંતોના ઉપદેશ છતાં વાસ્તવિક જીવનમાં માણસ જે અનુભવે છે, તે વધારે ભાગે એથી ઊલટું જ હોય છે. એથી તેવા જ્ઞાનની સામે એને શંકા થાય છે.

વાસ્તવિક જીવનમાં માણસની દશા નાનાંમોટાં અનેક બંધનોવાળી છે. વળી પોતાની જાતને પરમ શાંતિની મૂર્તિને બદલે અશાંતિ ને દુઃખનો મહદંશે અનુભવ કરતી જુએ છે. તેને જીવનમાં પ્રેમને બદલે વેર, દ્વેષ કે ધિક્કાર જોવામાં આવે છે. અભેદને બદલે ભેદભાવોની પરંપરા તેમ જ મૃત્યુંજયને બદલે મરણાધીન દશાનો અનુભવ થતો રહે છે. આ પરિસ્થિતિમાં તે પોતાની જાતને પરમાત્માસ્વરૂપ માની કે અનુભવી શકતો નથી. એને જીવનમાં ડગલેપગલે અશાંતિ, અસ્થિરતા, ઉપાધિ, વિટંબણા, ચંચળતા વગેરેનો અનુભવ થતો રહે છે.

વિવેકી કે અનુભવી પુરુષો કહે છે કે ભાઈઓ તમારી આ દશાનો ઉલ્લેખ સાચો છે. પરન્તુ એ દશા એ સાચી, મૂળ કે કાયમી નથી. તે તો માનવની મૂળ પ્રકૃતિની એક વિકૃતિ માત્ર છે. તેને દૂર કરી શકાય છે ને કોઈ પણ મનુષ્ય ધગશ કે લગન વડે તે દશાને પલટાવી પોતાના સાચા મૂળ સ્વરૂપનો અનુભવ કરી શકે છે. ભૂતકાળમાં કેટલાય વિવેકી



પુરુષો આવી ધગશ કે લગન વડે પોતાના સાચા સ્વરૂપમાં પ્રતિષ્ઠા પામીને, ઉચ્ચતમ સ્થિતિએ પહોંચી ગયા છે ને આજે પણ કોઈ પણ મનુષ્ય તે અવસ્થા પ્રાપ્ત કરી શકે છે. ફક્ત તે માટે તીવ્રાતિતીવ્ર ઇચ્છાને પ્રામાણિક પુરુષાર્થ હોવા જોઈએ. અનુભવી મહાપુરુષનું માર્ગદર્શન મેળવીને, નિયમિત, સતત ને ઉત્સાહપૂર્વક સાધના વડે આજના યુગમાં પણ તે સિદ્ધ થઈ શકે છે. માણસ તેની ક્ષર પ્રકૃતિથી ઉપર ઊઠીને, અક્ષરનો કે આત્મસાક્ષાત્કારનો અનુભવ કરી શકે છે.

એટલે યોગ એ બીજું કશું નથી, પરંતુ જીવને શિવ સાથે મેળાપ કરી આપવાની સાધના છે. માણસની ખોવાયેલી આત્મસંપત્તિને ફરી મેળવી આપવાનો માર્ગ છે. એ પ્રાપ્ત થતાં જીવનમાં પ્રવૃત્તિની વિકૃતિ દૂર થઈ જાય છે ને તેના સ્થાને સ્થપાય છે– અખંડ આનંદ, શાન્તિ ને સમતાની અનુભૂતિ.

મહર્ષિ પતંજલિએ આ બધી સારવાતને એક નાના સરખા સૂત્રમાં સમાવી લીધી છે. શિવ સાથેના જીવના મેળાપમાં અવરોધરૂપ ચિત્તની વૃત્તિઓનો નિરોધ– એટલે જ યોગ.

માણસનું મન કહો કે ચિત્ત– એ બીજું કંઈ નથી પરંતુ સંકલ્પ ને વિકલ્પો, તર્કવિતર્કો અથવા વિચારોની પેટી છે. સૂર્યનાં કિરણો જેમ અસ્ત સમયે સૂર્યમાં સમાય જાય કે સાગરના તરંગો ઓટ સમયે જલસપાટીમાં જ વિલીન થઈ જાય, એમ આ સંકલ્પ–વિકલ્પો, તર્કવિતર્કો કે વિચારોનું ચિત્તમાં શાંત થઈ જવું – એટલે જ ચિત્તવૃત્તિઓનો નિરોધ. આથી મહર્ષિ પતંજલિએ–ચિત્તવૃત્તિ : નિરોધસ્તુ યોગઃ–એમ કહ્યું છે.

આ નિરોધ સિદ્ધ થાય ત્યારે ચિત્તનું શું થાય? એ આપણે હવે પછી જોઈશું.

( ક્રમશ )

# સિદ્ધિઓ

શ્રી. યોગેશ્વરજી

ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળની માહિતી મળે, ઇપ્સિત વસ્તુ આપમેળે આવી મળે;

સંકલ્પ માત્રથી દરદ દૂર થાય,
પક્ષીની ભાષા સમજી શકાય,
પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશમાં વિહરી શકાય,
એકના અનેક થવાય અથવા અદૃશ્ય બનાય,
પવન પાણીનું પ્રાશન કરીને દીર્ઘાયુ થવાય,

એ બધી સિદ્ધિઓને બદલે જે છે તે જ જાણીને જીવી શકાય,
ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ–અપ્રાપ્તિમાં મનની સ્વસ્થતાને સાચવી શકાય,
સંકલ્પ માત્રથી રોગ દૂર થાય કે ના થાય, પરંતુ નીરોગી રહેવાય,
પક્ષીની ભાષા ભલે ન સમજાય પરંતુ માનવની પોતાના મનની સમજી શકાય,
અવકાશમાં ઉપર ના ઊઠાય તોપણ આ પાર્થિવ પૃથ્વી પર પ્રામાણિકપણે પગ મુકાય,
પગલાં ભરાય બહુવિધ બની શકાય,
આહારનો આધાર ઉચિત માત્રામાં લેવાય,
જેટલું પણ જીવન હોય એટલું જીવી શકાય,
એટલી જ સિદ્ધિઓ સાંપડે તોપણ પૂરતું છે.

❀

# ભંડોળ સહાયક યોજના અંગે સ્પષ્ટતા

મે, ૧૯૮૦ના અંકમાં ભંડોળ સહાયક યોજના અંગે રજૂઆત કરવામાં આવી છે. આ યોજના અંગે કેટલીક સ્પષ્ટતાઓ માંગતા પત્રો મળ્યા છે, એટલે અહીં સર્વની જાણ માટે તે રજૂ કરીએ છીએ.

આ યોજનાની પેટ્રન, સહાયક પેટ્રન અને લાઇફ મેમ્બરની નોંધણી અંગે જણાવવાનું કે આ એક કાયમી યોજના છે અને તેના નીચે મળતા અંકો કે પુસ્તકો પૈસા ભરનાર સભ્યની હયાતી બાદ તેના કુટુમ્બના સભ્યો અગર સૂચવેલ સંસ્થા કે વ્યક્તિને કાયમ મોકલવામાં આવશે.

અધ્યાત્મના પરદેશોમાં વસતા શુભેચ્છકો માટે મદદની રકમ નીચે પ્રમાણે રાખવા ઠરાવ્યું છે: આજીવન સભ્ય રૂા. ૧૫૦૦, સહાયક પેટ્રન રૂા. ૨૦૦૦, પેટ્રન રૂા. ૨૫૦૦

શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ એ રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે ને તેમાં જે રકમ આપવામાં આવે તે Income Tax ધારા નીચે, નિયમ પ્રમાણે (તેના ૫૦ ટકા) કરમુક્ત છે. ભંડોળ સહાયક યોજનાનો સમગ્ર વહીવટ શ્રી બાબુભાઈ વ્હોરા સંભાળશે. એટલે આ યોજના નીચે જે લોકો નાણાં મોકલવા ઈચ્છતા હોય તેઓએ નીચેના સરનામે નાણાં મોકલવા વિનંતિ છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ (રજી) શ્રી બાબુભાઈ વ્હોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ કો. ઓ. હા. સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

પેટ્રન, સહાયક પેટ્રન, તેમ જ કાયમી સભ્યોનાં નામો 'અધ્યાત્મ'માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

નાણાં "સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ"ના નામે જ મોકલવાં.

– સંપાદકો

## આભાર

અમારી મે ૮૦ના અંકમાં જાહેર કરેલ ભંડોળ સહાયક યોજના—તેમ જ અપીલના અનુસંધાનમાં અમોને વાંચકો તરફથી ખૂબ પ્રોત્સાહક સહકાર સાંપડ્યો છે, જે બદલ અમે તે સહુ ભાઈબહેનોનો આભાર માનીએ છીએ.

### પેટ્રન

| | | |
|---|---|---|
| ૧. શ્રી શારદાબેન દાસભાઈ કાકા | ૧૦૦૧–૦૦ | વડોદરા |
| ૨. શ્રી કિરીટકુમાર વી. ભાવસાર | ૧૦૦૧–૦૦ | વડોદરા |

### લાઇફ મેમ્બરો

| | | |
|---|---|---|
| ૧. પ. પૂ. શ્રી યોગેશ્વરજી | ૨૫૧–૦૦ | |
| ૨. શ્રી આર. એમ. ત્રિપાઠી | ૨૫૧–૦૦ | મુંબઈ |
| ૩. શ્રી જે. વી. શાહ | ૨૫૧–૦૦ | મુંબઈ |
| ૪. શ્રી હિંમતલાલ રણછોડદાસ શાહ | ૨૫૧–૦૦ | મુંબઈ |
| ૫. શ્રી રામકૃષ્ણ જગદંબા ટ્રસ્ટ | ૨૫૧–૦૦ | વડોદરા |
| ૬. શ્રી જસભાઈ બી. પટેલ | ૨૫૧–૦૦ | વડોદરા |
| ૭. શ્રી રામઔષધાલય | ૨૫૧–૦૦ | વડોદરા |
| ૮. શ્રી મણિભાઈ સી. શાહ | ૨૫૧–૦૦ | ભાવનગર |
| ૯. શ્રી નારાયણ હ. જાની | ૨૫૧–૦૦ | ” |
| ૧૦. શ્રી પ્રીતમલાલ નવીનચંદ્ર પારેખ | ૨૫૧–૦૦ | ” |
| ૧૧. શ્રી મહેન્દ્ર મગનભાઈ ગોહેલ | ૨૫૧–૦૦ | ” |
| ૧૨. શ્રી નલિનીબેન પી. મહેતા | ૨૫૧–૦૦ | ” |

### શુભ ભેટ

| | | |
|---|---|---|
| શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ | ૨૧–૦૦ | લગ્નદિન નિમિત્તે |
| શ્રી રાજેન્દ્ર એન. જાની | ૨૫–૦૦ | બઢતી નિમિત્તે |
| શ્રી ડો. એસ. બી. મહેતા | ૧૧–૦૦ | પત્નીના જન્મદિને |

ઈશ્વર જે રીતે મારામાં છે, તેજ પ્રમાણે જગતના સર્વે જડ અને ચેતન પદાર્થોમાં રહેલો છે, એનો અપરોક્ષ અનુભવ કરવો, એ જ સાધનાનું અંતિમ લક્ષ્ય છે.

— શ્રી યોગેશ્વરજી


શ્રી અંબાલાલ ટી. પટેલ

એ કલાસ કોન્ટ્રેક્ટર્સ

પટેલ ફળીઆ, ફત્તેહપુર, હાથીખાના પાસે,

વડોદરા – ૩૯૦ ૦૦૯

ખોટી ઉતાવળમાં આપણું કે બીજાનું મહામોંઘું જીવન નષ્ટ ન થઈ જાય તેનો ખ્યાલ રાખવો એ આજના યંત્રયુગમાં ખૂબ જરૂરી છે.

—શ્રી યોગેશ્વરજી

**Asian Steel Industries**

*Manufacturers*

**Road Signs and T & P Fabricated and General Suppliers**

16/1, Sadar Bazar, Indore-452 006 ( M. P. )

ટાઈટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત